Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

लक्ष्मीर्ज्ञानविवेकसंगममयी श्रद्धामयं मानसं ।
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमयं जीवितं ॥
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृंभितं ।
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ॥

પુસ્તક ૩૫ મું ] શ્રાવણ—સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [ અંક ૫ મો.

પ્રગટકર્ત્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી ઉપદેશ સપ્તતિકા—અનુવાદ. | ૯૯ |
| ૨ | ચેતનશિક્ષા. ... ... | ૧૦૧ |
| ૩ | બાળકોને જિનેશ્વર પાસે કરવાની સ્તુતિ. | ૧૦૧ |
| ૪ | સૂક્ત મુક્તાવળી. ... ... | ૧૦૨ |
| ૫ | જીવદયાના સંબંધમાં અગત્યનો ખુલાસો. ... ... ... | ૧૦૫ |
| ૬ | દેવદ્રવ્ય. ... ... ... | ૧૦૭ |
| ૭ | આપણા કેટલાક સામાજીક સવાલો | ૧૧૮ |
| ૮ | કર્ત્તવ્યમાં ઉત્સાહ. ... ... | ૧૨૬ |
| ૯ | હિતશિક્ષાના રાસનું રહસ્ય. ... | ૧૨૮ |
| ૧૦ | સ્ફુટ નોંધ અને ચર્ચા. ... | ૧૩૦ |
| ૧૧ | વર્તમાન સમાચાર. ... ... | ૧૩૭ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦—૪—૦.
ભેટના પોસ્ટેજ સહિત.

REGISTERED No. B. 156

ભાવનગર શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નામદાર ભાવનગર દરબારનો અત્યંત ખેદકારક સ્વર્ગવાસ.

ભાવનગરના નામદાર મહારાજાશ્રી ભાવસિંહજી બહાદુર કે. સી. એસ. આઈ. અશાડ વદ ૩ બુધવારની મધ્યરાત્રિએ માત્ર ૨૦ દિવસની માંદગી ભોગવીને સ્વર્ગવાસી થયા છે. તેથી ભાવનગર સ્ટેટની તમામ પ્રજા અત્યંત દિલગિર થઈ છે એટલુંજ નહીં પણ એવા નમુનેદાર અને પ્રજાપ્રિય રાજા બહુ ઓછા હોવાથી અન્યત્ર પણ દિલગિરી ફેલાયેલી છે. એ નામદારે પ્રજાને તો ખરેખરી રીતે પોતાના સંતાનરૂપજ ગણી હતી અને કોઈપણ પ્રકારનો પ્રજા ઉપર 'કર' એ શબ્દ તો એના મનને અકારોજ લાગતો હતો. ભાવનગરની પ્રજા ખરેખરી તેમની ઋણી છે. એમણે પ્રજાને સંપૂર્ણ સુખ આપ્યું છે. પ્રજાની અંદરથી લંપટતા અને મદ્યપાન વિગેરેની બદી ઘણે અંશે નાબુદ કરી છે. તેને માટે સખ્ત કાયદાઓ ઘડવામાં આવ્યા છે. મહારાણીશ્રી નંદકુંવરબા હજુ આઠ માસ અગાઉજ સ્વર્ગવાસી થએલા હોવાથી હાલના સગીરવયના મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહજી અને તેમના બે લઘુ બંધુઓને એકજ વર્ષમાં માતા-પિતા બંનેનો વિરહ થયો છે. પરંતુ કાળની ગતિ દુરતિક્રમ હોવાથી તેને આધીન થયા શિવાય છુટકો નથી, માટે હવે તો પ્રાપ્ત થયેલ દુઃખ શાંતિથી સહન કરવું અને પિતાશ્રીને પગલે ચાલી પ્રજાને સુખ આપવા તત્પર ને તૈયાર થવું એજ કર્તવ્ય છે. પરમાત્મા એમને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે અને સ્વર્ગવાસી મહારાજાના આત્માને શાંતિ આપે એવી અમારી શુદ્ધ અંતઃકરણની પ્રાર્થના છે.

---

ભાવનગરની પ્રજા તરફથી દિલગિરી પ્રદર્શિત કરવા માટે બીજેજ દિવસે બપોરે ઘડી ૫ શુક્રવારે જાહેર મીટીંગ મળી હતી. તેમાં સુમારે ૫-૬ હજાર માણસ ભેળું થયું હતું. તેની અંદર દિલગિરી પ્રદર્શિત કરવાનો ઠરાવ કરવા ઉપરાંત હવે પછીના મહારાજાની સગીરવયના વખતમાં કાઉન્સીલની શાસનપદ્ધતિ દાખલ કરી તેમાં અહીંના રાજ્યના પરિચિત અને અહીંના રાજાપ્રજાના સંબંધને બરાબર સમજનાર દેશી ગ્રહસ્થને નીમવાનો અથવા એડમીનીસ્ટ્રેશનથી રાજ્ય ચલાવવામાં આવે તો તેની અંદર પણ એવા પ્રકારના દેશી ગ્રહસ્થને નીમવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ મે. એજંટ ટુ ધી ગવર્નરને હાથોહાથ આપવામાં આવ્યો અને મુંબઈના નામદાર ગવર્નરને તાર દ્વારા તેના ખબર આપેલા છે. આ હકીકત પ્રસંગોપાત અહીં જણાવવામાં આવી છે.

મરહુમ મહારાજાને અગ્નિસંસ્કાર થતો નજરે જોતાં નીકળેલા ઉદ્ગાર આ નીચે પદ્યમાં જણાવવામાં આવ્યા છે.

### ચિતા સામે સહજ ઉદ્ગાર.

આ દશા થવાની એક દિવસ આપણી, કાળ નહિં છોડશે નિત્ય ફરતો કાપણી,
જાણતો હું આ ચિતા ન ચિંતા કરાવે, ભભક ભભક ભભકતી આ ઝાળ ડરાવે,
તારા થઈ ગઈ, રહી ન, ઉડી વાયરે, નામ ને નિશાનનો આ નાશ આખરે.

લી. છ. શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वाञ्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૫ મું.] શ્રાવણ-સંવત ૧૯૭૫. વીર સંવત-૨૪૪૫. [અંક ૫ મો.

## श्री उपदेश सप्ततिका–अनुवाद.

( લેખક–જૈન યાચક ગીરધર હેમચંદ. )

### હરિગીત.

( અનુસંધાન પૃષ્ટ ૧૦૦ થી )

ચઇ ક્રોધવશ કે લોભવશ કે ભય તથા હસતાં કદી,
રાગે અને મચ્છર વડે ન અસત્ય વદવું મુખ થકી;
એ મૃષાવાદ જ પાપસ્થાન ન સેવવું જ લગાર એ,
જેથી જગતના લોકનો વિશ્વાસ ઉઠી જાય છે. ૪૩

ચોરી કરી લીધેલ ધન તે ચોર પાસેથી કદી,
શાણા જને નહિ ગ્રહણ કરવું લાભ પણ મળતો યદી;
જો ચોરનું ધન લાલચે લેવાય તો આ લોકમાં,
દુઃખ પ્રાપ્ત થાય અને કદાપિ સુખ નહી પરલોકમાં. ૪૪

પરનારીને નિજ માત તુલ્ય ગણે જ તેનો સર્વથા,
લોકાપવાદ થતો નથી પણ સુયશ વાધે સર્વદા;
પણ મૂઢ જન પરનારી લુબ્ધ થયા દુઃખી રાવણ પરે,
આ જન્મમાં જ પ્રત્યક્ષ સમજી શુદ્ધતા રાખો ઉરે. ૪૫

જે મોહને અજ્ઞાન વશ અતિ દુઃખદ ધન ધાન્યાદિ જે,
પરિગ્રહ તણો સંચય કરે છે ક્યાંથી સુખીયા હોય તે;

For Private And Personal Use Only

જગમાં અસંતોષી મહા દુઃખમાં સદા પીડાય છે,
તેથી હવે તું નિવૃત્ત થા શિદ દેખીને લલચાય છે. ૪૬

મીઠું કે કડવું વચન સુણી જે ચિત્તને અવિવેકથી,
રાગાદિ દોષે કરવું નહિ આકુલ વ્યાકુલ મોહથી;
રહેવું જ સમભાવે સદા જુઓ ગીત વાદ્ય રસે કરી,
પરવશ પડી મૃગ વગર કાળે દુઃખી થઇ જાયે મરી. ૪૭

રમણીનું રમણીક રૂપ જોઇ મન ન મોકળું મેલવું,
કોઇ પણ વખત એ કામરાગ કરીશ નહિ જો સુખી થવું;
દીવાની જ્યોતિ પતંગ આસક્તિથી જોતો બળી મરે,
એ વિષય પરવશતા વિચારી ભજ સુસંવરતા ખરે. ૪૮

જળમાં રહેલો મચ્છ રસના રસની આસક્તિ રસે,
લોભાઇને વિંધાય છે તાળવું તે કેમ જીવશે ?
વિણ કાળ ખૂટે મરે તે જેમ તેમ રસગૃદ્ધિ કરે,
બહુ દુઃખદ રસગારવ કહ્યું છે પરમ દુઃખનું સ્થાન એ. ૪૯

હાથી તણા કુંભસ્થળે મદગંધથી લલચાઇને,
ભમરા મરે છે ઘ્રાણવશ કરી (હાથી) કાન થપ્પડ ખાઇને;
હા હા ! અરે એમ ગંધની આસક્તિ પણ દુઃખીજ કરે,
સમજીને સહૃદય કોણ ? ગંધની ગૃદ્ધિ કરવી મન ધરે. ૫૦

જે મૂઢ આત્મા સ્પર્શઇંદ્રી વશ પડ્યો તે દુઃખી થતો,
જેમ મત્ત હાથી કપટહાથણીથી પડીને[1] ભાંગતો;
બહુ ક્ષુધાદિ દુઃખ વેદીને મહાવત કરે[2] બંધાય છે,
અંકુશ વશ રહી મહા કષ્ટ અનુભવી પસ્તાય છે. ૫૧

એમ એક એક વિષય તણા કુવિકારની આસક્તિથી,
પ્રાણી સુમાર વિના દુઃખી થાતા શી વાત જ પાંચની;
જે પંચ વિષય વિકાર વશ તે બાપડાની શુભ ગતિ,
શી રીતે થાય ? કદી અરે તે રખડતા ચારે ગતિ. ૫૨

ઉપર કહ્યા તે શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શ જ પાંચ એ,
છે મોહવિષયો વિષ થકી પણ અધિક વિષમ વિરૂપ એ;
જેથી નિઃસત્વ થતાં ખેદ થતો પરિણામે અતિ;
માટે તજો આસક્તિ વિષય તણી સ્વવશ રાખી મતિ. ૫૩

અપૂર્ણ.

---

૧ ખાડામાં પડીને. ૨ મહાવતના હાથથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચેતન-શિક્ષા.

રાગ-બીહાગ.

કહો કૈસે પાવેગા વિસરામ (૨)

ભૂલે કયું નિજ ઠામ; કહો.

પુદ્‌ગળ સંગે કાળ અનાદિ, દાસ ભયા અજ્ઞાન. કહો. ૧

અનુભવ અમૃત માનવ દેહે, વિચાર ચેતનરામ;

સ્વરૂપ નિજગુણ અંતર ધરકે, મેળવ શુધ્ધ સ્વધામ. કહો. ૨

આત્મ સતત અભ્યાસ વિચારે, બેઠેગા નહીં દામ;

હૃદય તંત્રકા તાનસેં બોળા, સુધરેગા સબ કામ. કહો. ૩

જન્મ જરા મરણોંસેં ડરકે, ધ્યા' તું આતમરામ;

સોહંપદ આલંબન લેતાં, અમર અચલપદ ધામ. કહો. ૪

અમૃતલાલ માવજી શાહ.

# બાળકોને જિનેશ્વર પાસે કરવાની સ્તુતિ.

( સ્રગ્ધરા )

આવ્યો શરણે તમારા, જિનવર કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મારો, તુમ વીણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ આજે, હરખ અધિકથી, પર્મ આનંદકારી,
પાયો તુંમ દર્શ નાસે, ભવભય ભ્રમણા, નાથ સર્વે હમારી. ૧

(શાર્દુલવિક્રિડીત)

નાભિનંદ નરેંદ્ર ધર્મસુગળા વર્ષી તપે જે વર્યા,
બે પદવી ધરનાર શાંતિ કુંથુ અર સ્વામી શાંતિધરા;
બ્રહ્મચારી ભગવંત જન્મદિનથી નેમિ મલ્લીનાથને,
લોકાલોક પ્રકાશ કારક નમું મહાવીર પરમાત્મને. ૨

શ્રીશાંતિ જિનરાજ આજ તુમ પદ પદ્મે નમું હે વિભુ,
વાર્યા દોષ અઢાર બાર ગુણને ધાર્યા તમે હે વિભુ;
પારેવાપર પ્યારથી કરી કૃપા તેવી દયા ધારજો,
પ્રારંભે પ્રભુ પાય આપ પ્રણમું વિઘ્નો વિભુ વારજો. ૩

દેવશી ડાયાભાઈ—ધોળેરા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સૂક્તમુક્તાવલી.

( અનુસંધાન પૃષ્ટ ૧૨૭ થી. )

### ૩૨ વિષય તૃષ્ણા તજવા હિતોપદેશ.

શિવપદ યદિ વાંછે, જેહ આનંદદાઇ,
વિષસમ વિષયા તો, છાંડી દે દુઃખદાઇ;
મધુર અમૃતધારા, દૂધની જો લહીજે,
અતિ વિરસ સદા તો, કાંજિકા શું ગ્રહીજે. ૯૭.

વિષય વિકળ તાણી, કીચકે ભીમભાર્યા,[1]
દશમુખ[2] અપહારી, જાનકી[3] રામભાર્યા;
રતિ ધરી રહનેમિ, કીડવા નેમિભાર્યા,[4]
જિણ વિષય ન વર્જ્યા, તેહ જાણો અનાર્યા. ૯૮.

ભાવાર્થ—હે ભવ્યાત્મન્ ! જો તું પરમ આનંદદાયક મોક્ષ-સુખને ચાહતો જ હોય તો પરિણામે પરમ દુઃખદાયક વિષ જેવા વિષયભોગને તું તજી દે; અને નિર્વાંછકતા અથવા નિઃસ્પૃહતા આદરી, જ્ઞાન વૈરાગ્યને જગાવી, સમતા-ચારિત્રનું શુદ્ધ-નિર્મળ ભાવે સેવન કરી લેવા રૂપ અમૃતની ધારા પી લે. એ તો દેખીતું સત્ય છે કે જો દૂધની મધુર અમૃતધારા મળતી હોય તો પછી અતિ વિરસ-ખાટી કાંજીકા-છાશનો શા માટે આદર કરવો જોઇએ ? ન જ કરવો જોઇએ. સંતોષ એ ખરૂં અમૃત છે અને અસંતોષ અથવા વિષયતૃષ્ણા એ ખરેખર પ્રાણહારક ઉગ્ર વિષ સમાન હોવાથી તજવા યોગ્ય જ છે. ૧

વિષયતૃષ્ણાથી વિકળ બનેલા કીચકે સતી દ્રૌપદીનાં ચીર-વસ્ત્ર તાણ્યાં હતાં અને દશમુખ-રાવણે સતી સીતાજીનું અપહરણ કર્યું હતું, તેમજ વળી રહનેમીએ રાજીમતી સંગાતે રતિ-ક્રીડા કરવા મન કર્યું હતું અને તે માટે ભોગપ્રાર્થના પણ કરી હતી. પરંતુ શીલ સંતોષના પ્રભાવથી સતી દ્રૌપદીનાં ચીર પૂરાયાં-( નવનવાં વસ્ત્ર તેણીના દેહ ઉપર થવા પામ્યાં ), એકાન્ત સ્થળ છતાં રાવણ, સતી સીતાના શીલનો તાપ સહન કરી નહિ શકવાથી છેટો જ રહ્યો, અને સતી રાજીમતીનાં સદ્બોધ ભર્યાં વચનથી રહનેમી શીઘ્ર ઠેકાણે આવી સ્વદોષની આલોચના નિંદા કરી અવિચળ પદ પામ્યા.

જે મોહાંધ બની, ઇન્દ્રિયવશ થઇ વિષયવિકળતાથી અધર્મને માર્ગે ચાલે તેમને તેમનાં તેવાં અધર્મ-કાર્યને લહીને અનાર્ય પ્રાય જ સમજવા. ૨

૧ દ્રોપદી. ૨ રાવણ. ૩ સીતા. ૪ રાજિમતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ બની ક્ષણિક અને કલ્પિત સુખની ખાતર જીવ નિત્ય–સ્વાભાવિક સુખને ગુમાવી દે છે. વિષયસુખમાં સ્વશક્તિનો ક્ષય કરી નાંખનાર સહજ સ્વાભાવિક સુખ મેળવવા સ્વવીર્યનો કયાંથી ખર્ચ કરી શકે ? ઇન્દ્રિયોને વશ નહિ થતાં તેમને જ સ્વવશ કરવા પ્રયત્ન કરી લેવાય તો સ્વલ્પ કાળમાં મહાન્ લાભ મેળવી શકાય. ફક્ત દિશા બદલવાની જ પ્રથમ જરૂર છે. સ્વેચ્છા મુજબ ગમે તેવા દુઃખદાયક વિષયોમાં દોડી જતી ઇન્દ્રિયોને દમી તેમને સુખદાયક સાચા માર્ગે વાળવી જોઇએ. ચક્ષુવડે વીતરાગ દેવની અને સંતજનોની શાંત મુદ્રા નીરખી નિજ આત્મવિચારણા કરવી, શ્રોત્રવડે સદ્‌ઉપદેશ અમૃતનું પાન કરવું, જીભવડે શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મની સ્તુતિ કરવી, સુગંધી પદાર્થ દેવગુરૂની ભક્તિમાં નિઃસ્વાર્થપણે વાપરવા અને નિજ દેહ વડે બને તેટલી સેવા–ભક્તિ ઉત્તમ જનોની કરવી અને પરમાર્થ પરાયણ થાવું.

## ૩૩ ઇંદ્રિય પરાજય આશ્રી હિતોપદેશ.

ગજ મગર[1] પતંગા, જેહ ભૃંગા[2] કુરંગા,[3]
ઇક ઇક વિષયાર્થે, તે લહે દુઃખ સંગા;
જસ પરવશ પાંચે, તેહનું શું કહીજે,
ઇમ હૃદય વિમાસી, ઇંદ્રી પાંચે દમીજે. ૬૯.
વિષય વન ચરંતાં, ઇંદ્રી જે ઉંટડા એ,
નિજ વશ નવિ રાખે, તેહ દે દુઃખડા એ;
અવશ કરણ મૃત્યુ, જ્યું અગુપ્તેંદ્રી પામે,
સ્વવશ સુખ લહ્યો જ્યું, કૂર્મ[4] ગુપ્તેંદ્રી નામે. ૭૦.

ભાવાર્થ—હાથી, મચ્છ–મગર, પતંગ, ભ્રમર અને હરીણ એ બધાં પ્રાણીઓ એક એક ઇન્દ્રિયના વિષયમાં આશક્ત બનવાથી પ્રાણાન્ત દુઃખને પામે છે, તોપછી જે પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત બની રહે તેમનું તો કહેવુંજ શું ? એમ હૃદયમાં વિચારી સુજ્ઞજનોએ પાંચે ઇન્દ્રિયોનું દમન કરવું યુક્ત છે, અન્યથા દ્રવ્ય અને ભાવ ઉભય પ્રાણની હાનિ થવા પામે છે. ૧

વિષયરૂપી વનમાં સ્વેચ્છાએ ચરતા ઇન્દ્રિયોરૂપી ઉંટડાઓને જો સ્વવશ કરી લેવામાં ન આવે તો તે દુઃખદાયક નીવડે છે. જે અજ્ઞજનો ઇન્દ્રિયોને સ્વવશ નહિ કરતાં તેમનેજ વશ થઇ પડે છે, તેઓ પરવશ ઇંદ્રિયવાળા કાચબાની પેરે મરણાન્ત કષ્ટ પામે છે અને જેઓ ઇન્દ્રિયોને સારી રીતે દમી સ્વવશ કરી લેય છે તેઓ ગુપ્તેંદ્રિય કાચબાની પેરે ખરેખર સુખી થઇ શકે છે. ૨

૧ મત્સ્યો. ૨ ભમરાઓ. ૩ હરણો. ૪ કાચબા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રકાર સ્પષ્ટ જણાવે છે કે 'ઇન્દ્રિયોને ઇચ્છિત વિષયોમાં મોકળી મૂકી દેવી તે આપદા વ્હોરી લેવાનો રાજમાર્ગ છે, અને એજ ઇન્દ્રિયોને નિયમમાં રાખી સન્માર્ગે દોરવી એ સુખ સંપદા પામવાનો શ્રેષ્ઠ માર્ગ છે.'

હવે એ બેમાંથી તમને પસંદ પડે એ માર્ગને તમે ગ્રહણ કરો, સુખી થવું કે દુ:ખી થવું એનો આધાર આપણા સારા કે નરસા વર્તન ઉપરજ રહે છે. ઇન્દ્રિયોરૂપી ઉદ્ધત ઘોડાઓને દુર્ગતિના માર્ગમાં ઘસડી જતાં અટકાવવાજ હોય તો તેમને જિનેશ્વર પ્રભુનાં વચનરૂપી લગામવડે અંકુશમાં રાખો. વિવેકરૂપી હાથીને હણવાને કેસરીસિંહ જેવી અને સમાધિરૂપી ધનને લૂંટી લેવામાં ચોર જેવી ઇન્દ્રિયોવડે જે અજિત રહે તેજ ધીર-વીરમાં ધુરંધર છે એમ જાણવું. તૃષ્ણારૂપી જળથી ભરેલા ઇન્દ્રિયોરૂપી ક્યારાવડે વૃદ્ધિ પામેલા વિષયરૂપી વિષ-વૃક્ષો પ્રમાદશીલ પ્રાણીઓને આકરી મૂર્છા ઉપજાવી વિડંબના કરે છે. વિષયસુખ ભોગવતાં તો પ્રથમ મીઠાં-મધુર લાગે છે, પણ પરિણામે તે વિષયભોગ કિંપાકના ફળની પેરે અનર્થકારી નીવડે છે, જેમ જેમ પ્રાણી વિષયનું અધિક અધિક સેવન કરે છે. તેમ તેમ તૃષ્ણાને વધારી સંતાપ ઉપજાવે છે. જેમ ઇન્ધનથી અગ્નિ તૃપ્ત થતો નથી અને નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ ગમે તેટલા વિષયભોગથી જીવને તૃપ્તિ થતી નથી, અને તે (સંતોષ) વગર સુખ પણ પ્રાપ્ત થતું નથી. તેથી સુખના અર્થી સુજ્ઞજનોએ સંતોષ ગુણ ધારવા નિજ મન અને ઇન્દ્રિયોને નિયમમાં રાખી સન્માર્ગે વાળવા પ્રયત્ન કરવો જોઇએ.

### ૩૪ પ્રમાદ પરિહરવા હિતોપદેશ.

સહુ મન સુખ વાંછે, દુ:ખને કો ન વાંછે,
નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે;
ઇહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે,
અતિ પ્રમાદ તજીને, ઉદ્યમે ધર્મ કીજે. ૭૧.
ઇહ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે,
ધરમ સમય આળે, કાં પ્રમાદે ગમાવે;
ધરમ નવી કરે જે, આયુ આળે વહાવે,
શશિ નૃપતિપરે તે, શોચના અંત પાવે. ૭૨.

ભાવાર્થ—જગતના સહુ જનો સુખનીજ વાંછના કરતાં જણાય છે, દુ:ખની વાંછના કરતાં કોણ નજરે પડે છે? કોઇજ નહિ. તેમ છતાં દુ:ખનો અને સુખનો ખરો માર્ગ જાણે છે કોણ? અથવા જાણવાની દરકાર કરે છે કોણ? ધર્મ-દાન શીલ, તપ, ભાવમાં આદર કરવાથી સુખ અને તેમાં અનાદર-પ્રમાદ કરવાથી જ દુ:ખ પ્રાપ્ત થાય છે. પ્રમાદ રહિત સાધુધર્મ કે ગૃહસ્થધર્મનું સેવન કર્યા વગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ સંપજતુંજ નથી. ઉકત સદ્ધર્મને સારી રીતે સેવન કરવા યોગ્ય રૂડી સામગ્રી મળ્યા છતાં તેનો લાભ લઇ લેવામાં શા માટે ઉપેક્ષા કરવી જોઇએ ? અંગથી આળસને અળગું કરી નાંખી સુખના અર્થી ભાઇબ્હેનોએ પવિત્ર ધર્મનું સેવન કરી લેવા અસુસ ઉદ્યમ કરવોજ જોઇએ. ઉદ્યમ જેવો કોઈ બંધુ નથી અને પ્રમાદ જેવો કોઇ શત્રુ નથી. જે જે ક્ષણો, જે જે દિવસ, માસ, વર્ષાદિક આપણા આયુષ્યમાંથી ઓછા થાય છે-ચાલ્યા જાય છે તે કંઈ પાછા આવતાં નથી. આદરથી ધર્મસેવન કરનારનાં તે સઘળાં લેખે થાય છે અને આળસથી ધર્મનો અનાદર કરનારનાં તે બંધાય અલેખે જાય છે. એમ સમજીને હે ભોળા જનો! ધર્મ સાધવા જે અમૂલ્ય સમય હાથ લાગ્યો છે તેને પ્રમાદ વશ થઇ જઇ કેમ વ્યર્થ ગુમાવો છો ? ધર્મનું સેવન કરવામાં આળસ-ઉપેક્ષા કરનારનું આયુષ્ય નકામું ચાલ્યું જાય છે અને છેવટે તેને શશીરાજાની પેરે શોચ કરવો પડે છે. તે શશીરાજાને તેના બંધુએ પ્રથમ બહુ પરે બોધ આપી ધર્મ સેવન કરવા પ્રેરણા કરી હતી, પણ તે વખતે તેને એ વાત ગળે ઉતરી નહોતી અને ઉલટો આડું અવળું સમજાવી પોતાના બંધુને પણ મોહજાળમાં ફસાવવા ચાહતો હતો; તેમ છતાં તેના બંધુ ધર્મનું રહસ્ય સારી રીતે સમજતા હોવાથી લગારે ડગ્યા નહિ અને ચારિત્ર-ધર્મને આદરી દેવગતિને પામ્યા. પછી જ્ઞાનવડે પોતાના ભાઇ શશીરાજાની શી સ્થિતિ થઇ છે? તે તપાસતાં તે દેવને સમજાયું કે ભાઇ તો વિષયાદિક પ્રમાદમાં લપટાઇ નરકગતિમાં ઉત્પન્ન થયા છે. એટલે તેને પ્રબોધવા પોતે તેના સ્થાનકે ગયા અને તેને પૂર્વ ભવનું સ્મરણ કરાવ્યું એટલે તે કહેવા લાગ્યો કે 'હે બંધો ! તમે મૃત્યુલોકમાં જઇ મ્હારા પૂર્વ શરીરને ખુબ કદર્થના ઉપજાવો, જેથી હું આ દુઃખમાંથી મુકત થઈ શકું.' દેવે ઉત્તર આપ્યો કે 'ભાઇ ! તેમ કરવાથી હવે કાંઈ વળે નહી. સમજીને સ્વાધીન પણે પ્રમાદ તજી જે ધર્મ સાધન કરે છે તેજ સુખી થઇ શકે છે, અન્યથા નહિ.' ઇતિશમ્.

સન્મિત્ર ક૦ વિ૦

# જીવદયાના સંબંધમાં અગત્યનો ખુલાસો.

( લખનાર સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી )

જીવદયાનો પ્રચાર કરવાના કામમાં બને તેટલી કુશળતા-નિપુણતા વાપરવા નિમિત્તે પ્રથમ પ્રસંગોપાત સંક્ષેપથી હેતુસર અનેકવાર જણાવવામાં આવેલું છે. પરંતુ તેમાં અમારો આશય જોઈએ એવો સ્પષ્ટ થઇ શકયો ન હોય તો તે બાબત ભવ્ય જનોના મનમાં ગેરસમજુતિ થતી અટકાવવા અમારે અત્ર ખુલાસો કરવોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ એમ સમજી સ્વપર હિતબુદ્ધિથી આ ખુલાસો કરવામાં આવે છે. જેઓનું હૃદય દયાથી ભીનું હોય, કોમળ-કરૂણાળુ હોય તેજ દુઃખી થતાં રીબાતાં અને કસાઇઓના હાથે નિર્દયપણે કપાતા પ્રાણીઓની દયા-અનુકંપા કરી શકે. જ્યાં સુધી આવી દયા-અનુકંપા આપણને વ્હાલી લાગે છે ત્યાં સુધીજ આપણે પવિત્ર ધર્મને લાયક હોઇ જીવદયાપ્રતિપાલક લેખાઈ શકીએ. આવી જીવદયા આપણે સદાય સેવવાની છે અને પવિત્ર પર્વો પ્રસંગે તેને વધારે સેવવામાં આવે તેમ તે અધિકાધિક લાભદાયક થાય છે. એમ સમજી આપણા દયાળુ ભાઇઓ તથા બ્હેનો પર્યુષણાદિક પર્વ પ્રસંગે અનેક દુઃખી જીવોને દુઃખમાંથી મુક્ત કરવા-તેમને અભયદાન દેવા ઘણો પ્રયત્ન કરે છે અને એમ કરી અનેક દુઃખી જીવોને આશ્વાસન અને અભયદાન આપી શકે છે. આ પ્રવાહને રોકવા અમે ઇચ્છતાજ નથી, પરંતુ તે અધિક ડહાપણ સાથે જોશથી ઘટતી દિશામાં વહે તેમ કરવા અમારા દયાળુ બંધુઓ અને બ્હેનોનું કંઇક લક્ષ ખેંચવા વખતોવખત બે બોલ કહી વિરમીએ છીએ. નિર્દય સ્વભાવના હલકી વૃત્તિવાળા નીચ લોકો કઇક વખત નિરપરાધી પશુપંખીઓને ઘાતકી રીતે પકડી પાડીને દયાળુ લોકોની દયાની લાગણી ઉશ્કેરાય તેમ તેમની નજર આગળ રાખી પૈસા આપી તેમને છોડાવવાનું કહેતા હોય છે અને તે જીવો દુઃખમાં રીબાતાં દેખી પુષ્કળ પૈસા આપી દયાળુ લોકો તેમને છોડાવે પણ છે. આવા અનેક દુઃખોથી પશુપંખીઓને સર્વથા દુઃખમુક્ત કરવા માટે કોઇ પૈસા આપી છોડાવે ત્યારે બીજો કોઇ સહૃદય કાયદા જાણનાર હોય તો તે તેવા નિર્દય કામ કરનારને મુદ્દા માલ સાથે પોલીસ સન્મુખ હાજર કરાવી ફરી બીજીવાર તેવું ક્રૂર કામ કદાપિ ન કરે એવી શિક્ષા તેને અપાવે જેથી ભવિષ્યમાં અનેક જીવોના પ્રાણ બચે. વળી કોઇ એક ખાટકી ( કસાઈ ) ને પૈસા આપી બને તેટલા જાનવર છોડાવે ત્યારે બીજો કોઇ પરમાર્થદર્શી હોય તે તેટલા પૈસામાં કઇક જાનવરોને કસાઇના હાથે જતા જ અટકાવી લેવા અથવા માંસ દારૂ પ્રમુખ કુવ્યસન સેવનારને તે તે કુવ્યસનથી થતું પારવાર નુકશાન યથાર્થ સમજાવી તેમને સન્માર્ગગામી કરવા નિમિત્તે ઉદારતાથી દ્રવ્યનો જાતે વ્યય કરે અથવા એવાં પરમાર્થનાં કામ કરનારી પ્રસિદ્ધ સંસ્થાઓને બનતી સહાય કરી તેમનાં કામમાં બનતું ઉતેજન આપે. સર્વ કરતાં ચઢીયાતી માનવદયાને તો નજ વિસારે, એટલે તેને સાચા પ્રેમથી સહુ કરતાં અધિક સેવે. બસ એટલુંજ આપણે ઇચ્છીશું. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# देवद्रव्य.

( લેખકઃ—વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ. બી. )

તા. ૨૦-૪-૧૯૧૯ ના " જૈન " પત્રના અંકમાં, મુંબાઈની માંગરોળ જૈનસભાના હોલમાં પંડિત બેચરદાસ જીવરાજે શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીયાના અધ્યક્ષપણા નીચે મળેલી મીટીંગમાં દેવદ્રવ્ય વિષે લગભગ ત્રણ માસ ઉપર જે વિચારો પ્રકટ કરેલા અને પ્રમુખસ્થાનેથી શ્રીયુત મોતીચંદભાઇએ વિચારણીય મુદ્દા જૈનસમાજ સન્મુખ રજુ કરેલા તેની નોંધ લેવામાં આવેલ છે. તે સંબંધમાં અદ્યાપિ પર્યંત કોઇ આગેવાન સુવિચારસંપન્ન જૈન સાધુએ અગર તો વિદ્વાન્ શ્રાવકબંધુએ પોતાના પાકટ-અનુભવસિદ્ધ વિચારો સમુદાય સન્મુખ ચર્ચા માટે રજુ કર્યાનું જણાતું નથી. આ સ્થિતિ કેટલેક દરજ્જે આપણી પશ્ચાત્ દશા સૂચવે છે.

આવા મહત્વના-મુદ્દાના સવાલ તરફ જૈન સમાજ તદ્દન શાંતિ પકડી બેસી રહે-દુર્લક્ષ્ય દાખવે, તેની પુષ્ટિમાં અગર વિરૂદ્ધમાં યોગ્ય મનનપૂર્વક દલીલ રજુ કરવા પ્રેરાય નહિ તે સ્થિતિ કોઇ પણ રીતે ઇષ્ટ નથી. આ જમાનો ચર્ચાનો-ઉહાપોહનો, આપણી પ્રગતિને અનુકુળ થઇ પડે તેવું વિચાર-વાતાવરણ કેળવવાનો છે અને તેનો લાભ લેવા પ્રત્યેક જૈન ભાઇએ ખડે પગે તૈયાર રહેવાની જરૂર છે. આધુનિક સ્થિતિનો વિચાર કરતાં દેવદ્રવ્યનો સદઉપયોગ કઇ રીતે થઇ શકે-સૌથી વધારે લાભદાયક રીતે ( ) ધાર્મિક હેતુ નજરમાં રાખી તેનો વ્યય વાસ્તવિક કયે માર્ગે કરવો જોઇએ-તે બાબતનો નિર્ણય જૈનસમુદાયે કંઇ પણ વખત ગુમાવ્યા સિવાય તાત્કાલિક કરી લેવાની જરૂર છે. આપણા જૈન આગમો તેમજ આગમકાળ પછીના ધર્મશાસ્ત્રોનો બારીકાઇથી-સંશોધક બુદ્ધિથી અભ્યાસ કરી પંડિતજીએ જૈન પ્રજાગણ સન્મુખ દેવદ્રવ્ય સંબંધમાં તેમજ બીજી કેટલીક બાબતોમાં જે અગત્યના સિદ્ધાંતો છુટથી ચર્ચા કરવા માટે રજુ કરેલ છે અને યોગ્ય ઉહાપોહ થયા બાદ સમાજે જે જે નિર્ણયો કરવામાં આવે તેનો તાકીદે અમલ કરવાની જરૂર છે એવું સૂચન કરેલ છે તેથી સમાજની પ્રગતિના-કાર્યક્ષેત્રના ઇતિહાસમાં એક નવાજ પ્રકરણની શરૂઆત થાય છે. સાધારણ રીતે રૂઢીપ્રધાન સમુદાયવર્ગ નવીન વિચારની યોગ્યાયોગ્યતાનો પુખ્ત વિચાર કર્યા સિવાય, જુનું એટલું સર્વ સારૂં એ દૃષ્ટિથી નવીન વિચારની સાથે, કંઇ નહિ તો વિચારની નવીનતા ખાતરજ પોતાનો અવાજ રજુ કરવા પ્રેરાશે, તેથી આ બાબતમાં આપણે બહુ સંભાળથી કામ લેવાની જરૂર છે. આ વિષયની ચર્ચા, કેવળ શુભ આશયથી લાભાલાભની તુલનાપૂર્વક, યથાર્થ સ્થિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદાયના સમજવામાં આવે તે હેતુથી હાથ ધરવામાં આવેલ છે. સમાજ ધર્મશાસ્ત્રોના બંધનો કરતાં પણ રૂઢીના બંધનોથી એટલો બધો જકડાયેલો છે કે એ રૂઢીના બંધનો તોડવા માટે કહેવા કરતાં કરી બતાવનારા ખરા સુધારકોએ અસાધારણ પ્રયાસ કરવાની જરૂર છે એટલુંજ નહિ પરંતુ સ્વતંત્ર વિચારકોએ નિડરતાથી પણ શુદ્ધ બુદ્ધિથી પોતાના વિચારો સમાજ સન્મુખ રજુ કરવાની આવશ્યકતા છે.

આધુનિક સમયમાં દેવદ્રવ્યની વૃદ્ધિ માટે એકજ દૃષ્ટિથી વિચાર કરનાર કેટલાએક મુનિમહારાજાઓ તરફથી તેમજ આગેવાન જૈન ભાઇઓ તરફથી અનેકવિધ તજવીજ થતી જોવામાં આવે છે એટલુંજ નહિ પરંતુ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રશસ્ત તેમજ કેટલેક અંશે અપ્રશસ્ત પ્રયાસ પણ થતો જોવામાં આવે છે. સમુદાયની ધાર્મિક પ્રવૃત્તિનો-ધર્મ્ય માર્ગે-ધર્માદા કાર્યોમાં યથાશકિત ખરચ કરવાની ઉદાર વૃત્તિનો લાભ જે માર્ગે લેવો જોઇએ તે માર્ગે લેવામાં આવતો નથી. જે જે ખાતાઓને ખાસ મદદ કરવાની જરૂર છે તેવા સીદાતા ક્ષેત્રો વધારે નિર્બળ થતાં જાય છે. છતાં તેમને પગભર કરવામાં આવતા નથી પરંતુ ભરતામાંજ ભરતી થવા દેવામાં આવે છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જે જે યોજનાઓ અમલમાં છે તેને પુષ્ટ બનાવવામાં આવે છે. અર્વાચીન કાળમાં ખાસ ઉપયોગી અને લાભદાયક જણાતી સંસ્થાઓને મદદ કરવાની-અગર તો યોગ્ય સાહાય્ય મેળવી આપવાની વાત એક બાજુ ઉપર રહી પરંતુ ઉલટું આવી સંસ્થાઓને મદદ મળે તેમાં દેવદ્રવ્યની વૃદ્ધિ માટે તજવીજ કરનારાઓ તરફથી અનેક પ્રકારે મુશ્કેલીઓ ઉભી કરવામાં આવે છે. આ પ્રસંગે, યાત્રાળુઓ પાલીતાણે જવા માટે શીહોર સ્ટેશને ગાડી બદલે છે કે તરતજ તેમના હાથમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મેનેજરની સહીનું હેન્ડબીલ પેઢીના માણસો તરફથી મુકવામાં આવે છે અને પાલીતાણા ખાતેની બીજી કોઈ પણ સંસ્થાઓ જેમાં શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ તથા બાળાશ્રમ જેવી ઉપયોગી સંસ્થાઓ પણ આવી જાય છે-તેમને કોઇને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મેનેજરની સલાહ લીધા સિવાય કંઇપણ મદદ ન કરવા માટે યાત્રાળુઓને સપ્ત તાકીદ અગર કહો કે આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે. તે હેન્ડબીલની યાદ દેવરાવવાની અહીં જરૂર ધારવામાં આવે છે.

સાધારણ રીતે સમુદાયનો મોટો ભાગ ગાડરીયા પ્રવાહની માફક એકજ દિશા તરફ પોતાનો ઉદાર હાથ લંબાવતો જોવામાં આવે છે. સખી દિલના સમજુ આગેવાનો પણ ગતાનુગતિકની માફક પોતાની સખાવતો કર્યે જાય છે. તેઓ પણ સમુદાયનું સંગીન પ્રકારે ઉચ્ચતમ હિત સાધી શકાય તેમજ પોતાના આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માનું ખરેખર પારમાર્થિક દૃષ્ટિથી કલ્યાણ થાય-ઉન્નતિ ક્રમની શ્રેણીમાં પોતાનો આત્મા કંઇક ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે તેવા માર્ગે જોઇએ તેટલું ખર્ચ કરતા નથી પરંતુ સ્વાર્થદૃષ્ટિથી સહાય કરનારા સંકુચીત વિચારના મનુષ્યોની ખાલી પ્રશંસાથી અગર તો ખુશામતથી ફુલાઇ જઇ પોતાની ઉદારતાને એક માર્ગેજ ગતિ આપ્યે જાય છે.

મનુષ્ય સ્વભાવજ કંઇક એવા પ્રકારનો છે કે માણસ પોતાની ઉદારતાનો લાભ સમાજને આપતી વખતે, કયા કયા ખાતા-કઇ કઇ સંસ્થાઓ કેવી રીતની-કેટલી અને કેવા પ્રકારની મદદની અપેક્ષાવાળાં છે તે બાબતનો પુખ્ત વિચાર કરવાની તસ્દી લેતો નથી, પરંતુ ઘણું ખરૂં કેવળ પોતાના યશોગાન ગવરાવવાની લાલચથીજ ધર્માદા ખરચ કરવા માટે બ્હાર પડે છે. ઓછા ખર્ચે-ઓછી મ્હેનતે સમુદાયને વધારેમાં વધારે સારો સંગીન લાભ કઈ રીતે થાય તેનો વિચાર કરવાની પરવા રાખવામાં આવતી નથી, પરંતુ ઓછા ખર્ચે તેમજ ઓછી મહેનતે પોતાની મોટાઇ કઈ રીતે દેખાય-પોતાની કીર્તિ ચોમેર કઈ રીતે ફેલાય-પોતાના પ્રશંસકોની સંખ્યામાં વૃદ્ધિ કઈ રીતે થાય તેની ખાસ કાળજી પૂર્વક સંભાળ રાખવામાં આવે છે. બાહ્યાડંબર-ડાકડમાળ એટલો બધો વધી પડ્યો છે કે મુંગે મ્હોડે-સમાજનું સર્વોત્તમ હિત નજરમાં રાખી કેવળ પરમાર્થ બુદ્ધિથી-સ્વાર્થ ત્યાગ વૃત્તિથી કામ કરનારા ઉદારચિત્ત મહાત્માઓ ઘણા જુજ નજરે પડે છે. ટાપટીપ અને ઉપલક દેખાવ મોહક અને ચિત્તાકર્ષક બનાવવા માટે જે જે પ્રયાસ અન્યત્ર થતા જોવામાં આવે છે તેવાજ પ્રયાસ ધાર્મિક સંસ્થાઓમાં પણ પ્રચલિત થઇ ગયા છે. જમણા હાથથી કોઈનું બ્હેતર કરવામાં આવ્યું હોય તો તે ડાબા હાથે પણ ન જાણવું જોઇએ તેવી ચિત્તવૃત્તિથી કામ કરનારા મહાપુરૂષો ઘણા વિરલા છે તેથી ઘણે અંશે એકજ દિશા તરફ જૈન ભાઇઓની ઉદાર વૃત્તિનું વલણ જોવામાં આવે છે.

જે સમયે અન્ય ક્ષેત્રોને આર્થિક મદદની અપેક્ષા ઘણી ઓછી હશે, જે સમયે આપણા જૈન સમુદાયની આર્થિક સ્થિતિ ઘણી સંગીન હશે, તેવા વખતમાં દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જે પ્રણાલિકાઓની યોજના કરવામાં આવેલ તેજ પ્રણાલિકાઓ તરફ સમુદાયનું વલણ સ્વાભાવિક રીતે દેખાય છે. ટુંકામાં કહીએ તો વ્યવહારિક તેમજ ધાર્મિક દરેક બાબતોમાં કેવળ વ્યાપારી નજરથી કામ લેનારા આપણા જૈન ભાઈઓએ આ દેવદ્રવ્યના વિષયને એટલું બધું મહત્વનું સ્વરૂપ આપી દીધું છે કે આપણી ઘણી ખરી ધર્માદાપેઢીઓ દેવદ્રવ્યની થાપણથી એકરીતે મોટો ધંધો ચલાવતી જોવામાં આવે છે. આવી સંસ્થાઓને "પેઢી" અગર તો "કારખાના" ના નામથી ઓળખવામાં આવે છે એટલે તે શબ્દોજ અર્થસૂચક છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જેટલી કાળજી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફીકર રાખવામાં આવે છે તેટલીજ બલ્કે તેથી વિશેષ તેને સાચવી રાખવા માટે કાળજી રાખવામાં આવે છે. દેવદ્રવ્યના ટ્રસ્ટીઓ-વ્યવસ્થાપકો પોતાની ખાનગી પુંજી ઉપર જેટલો મોહ રાખતા હોય છે તેટલોજ મોહ આ દેવદ્રવ્ય ઉપર તેઓ રાખે છે અને તેને પરિણામે જે હેતુ માટે તે વાપરી શકાય તેમ હોય છે તે હેતુ માટે પણ તે વાપરવામાં આવતું નથી. એક દેરાસરની પુંજી લાખો રૂપૈયા હોય અને તેની પડોશમાંનું બીજું દેરાસર તદ્દન જીર્ણ સ્થિતિ ભોગવતું હોય તો પણ તે દેરાસરના જીર્ણોદ્ધાર માટે લાખો રૂપૈયાની પુંજી ધરાવતા દેરાસરના ટ્રસ્ટીઓ-કાર્યવાહકો દેરાસરની પુંજીમાંથી કંઇપણ રકમ આપવા તૈયાર હોતા નથી. એક બીજા વ્યાપારીઓ જેવી રીતે સ્પર્ધા-ઇર્ષ્યા-ચડસાચડસીથી પોતાનો ધીકતો ધંધો ચલાવે છે તેવીજ રીતે જુદા જુદા દેરાસરના ટ્રસ્ટીઓ પણ નહિ ઇચ્છવા યોગ્ય રીતે દેવદ્રવ્યની વ્યવસ્થામાં-તેની વૃદ્ધિ અને સાચવણી માટેના કાર્યમાં તેજ પદ્ધતિથી કામ લેતા જોવામાં આવે છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે અનેક રસ્તાઓ યોજાયેલા હોવાથી અને ચાલુ તેમજ અકસ્માત ખર્ચ આવકના પ્રમાણમાં ઘણું ઓછું થતું હોવાથી એક બાજુ સીલીક વધતી જાય છે અને બીજી બાજુ જીર્ણચૈત્યોદ્ધાર જેવાં મહાન્ પુણ્યફળદાયક અને ઉપયોગી કાર્યમાં તેનો વ્યય કરવામાં આવતો નથી. તેથી આખરે મોટા મોટા કજીઆઓ લડવામાં અને વકીલ બારિસ્ટરોના ખીસ્સાઓ ભરવામાં તેનો ઉપયોગ થાય છે. દેવદ્રવ્યની હુંફથી કેટલાએક આગેવાનો પોતાની મ્હોટાઇ જાળવી રાખવા ખાતર અંદર અંદરની તકરારોને મ્હોટું સ્વરૂપ આપી-કુસંપના વૃક્ષને પલ્લવિત બનાવતા જોવામાં આવે છે. દેવદ્રવ્યના સદ્ભાવે કજીઆઓ લડવામાં તેમને એટલું બધું ઉત્તેજન મળે છે કે મુખ્ય મુદ્દાની બાબત કવચિત બાજુ ઉપર રહી જાય છે અને એક બીજા પક્ષો વચ્ચેનું વૈમનસ્ય, આવી તકરારોને ટકાવી રાખી ધર્મકાર્યને મોટું નુકશાન પ્હોંચાડનારૂં થઇ પડે છે. આગેવાનોને અંદર અંદર કંઇક આચારિક અગર વ્યવહારિક ખટપટને લઇને મતભેદ હોય છે તો તે મતભેદ ધાર્મિક કાર્યોમાં પણ પોતાનો ભાગ ભજવતો નજરે જોવામાં આવે છે અને પરિણામે દેવદ્રવ્યની બરબાદી-પાયમાલી થતી જોઇએ છીએ. આવા પ્રસંગે અપ્રમાણિક ગુમાસ્તાઓ અને મુનીમો પણ પોતાના ઘર ભરવામાં-પોતાના ખીસ્સા તર કરવામાં પાછી પાની કરતા નથી.

દેવદ્રવ્યનો આ રીતે ઉન્માર્ગે વ્યય થાય તે કયો સહૃદય જૈન પસંદ કરશે? પંડિતજીના કહેવા મુજબ આગમોથી વિરૂદ્ધ જઇ તાંત્રીક યુગમાં દેવદ્રવ્યની પ્રથા જેમણે પ્રચલિત કરી હશે તેમના સ્વપ્નમાં પણ એવો ખ્યાલ નહિ હોય કે જૈન ભાઇઓના ખરા પરસેવાના-ખરી મ્હેનતના પૈસાથી પુષ્ટ બનેલ દેવદ્રવ્યના ફંડની આવી અનિષ્ટ-હાનિકારક વ્યવસ્થા થવા પ્રસંગ આવશે.

ઉપરોક્ત સંયોગો વચ્ચે દેવદ્રવ્યનો સદ્ઉપયોગ સમાજહિત માટે કરવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય રસ્તાઓ કદાચ ટ્રસ્ટીઓ પસંદ કરે અગર દેવદ્રવ્ય ઉપરના મોહવશાત્ પસંદ ન પણ કરે તે ભયથી તેવા કંઇ રસ્તાઓ બતાવવાની તકલીફ ન લેતાં તેમજ તે બાબતની ચર્ચામાં વ્યર્થ કાળક્ષેપ ન કરતાં, આગમોના અભ્યાસી પંડિતજીએ દેવદ્રવ્યના મૂળનેજ સખ્ત પ્રહાર કરી આ વિષયની ચર્ચાને જન્મ આપેલ છે તે કોમના હિત તરફ જોતાં કેટલેક અંશે ધ્યાન આપવા લાયક છે. પંડિત બેચરદાસે દેવદ્રવ્યના વિષયની ચર્ચા કરતાં બીજા પણ કેટલાક મુદ્દા સમાજ સન્મુખ રજુ કરેલ છે, તેથી ઘણી બાબતોમાં નવુંજ અંજવાળું પડે છે અને સમાજહિત માટે યોગ્ય પ્રયાસ કરનારાઓને નવું જીવન-પ્રોત્સાહન મળે છે અને તેથી તેમણે સૂચવેલા વિષયની ચર્ચામાં યથાશક્તિ ભાગ લેવા પ્રેરણા થાય છે. હાલ તુરત આપણે દેવદ્રવ્યના વિષયમાં આપણી આધુનિક સ્થિતિનો ખ્યાલ કરી-આખા દેશને માટે કંઇક નવીન યુગનો આરંભ થતો જોવામાં આવે છે તે લક્ષ્યમાં લેઇ, કયે રસ્તે કામ લેવું જોઇએ તેનો ખાસ વિચાર કરવાની જરૂર છે.

પંડિતજીએ સમસ્ત હિંદુસ્થાનની જૈન સંસ્થાઓમાં અગ્રસ્થાન ભોગવતી શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં ભરાયેલ જાહેર સભામાં જે વિચારો પ્રકટ કરેલ છે તેનો તે વખતેજ અગર તો અદ્યાપિ પર્યંત પણ કોઇના તરફથી સામો રદીયો સંતોષકારક રીતે આપવામાં આવેલ નથી, તેજ હકીકતથી કેટલેક દરજ્જે તે વિચારોની વાસ્તવિકતા સિદ્ધ થાય છે, છતાં પણ વિષયની મહત્વતા તરફ જોતાં તેમજ આપણા નેતાઓની સુસ્તાઇ તરફ જોતાં હવે પછી તેનો કંઇ રદીયો આપવામાં આવે-તે વિચારો વિરૂદ્ધ સબળ દલીલો રજુ કરવામાં આવે તે બનવાજોગ છે એમ સમજી, આ બાબતમાં છેવટના નિર્ણય ઉપર આવવાનું મુલતવી રાખી, હાલ તુરત આ સંબંધમાં આપણે શું કરી શકીએ તેનો વિચાર કરી જોઇએ. પંડિતજીની ગર્જના શાંત ચિત્તથી સાંભળનાર જાહેર સભાના અધ્યક્ષ શ્રીયુત મોતીચંદભાઇ આ વિષયમાં વિસ્તારથી પોતાના વિચારો તેમજ બીજા વિદ્વાનોના મત જાહેર પ્રજા સમક્ષ હવે પછી રજુ કરવા જણાવે છે-અભય વચન આપે છે એટલે ચર્ચા માટે કેટલીક નવી બાબતો તે વખતે આપણને મળી આવશે, પરંતુ તેઓ મુદ્દાની બાબતમાં પોતાનો એવો અભિપ્રાય પ્રકટ કરે છે કે "કાયદાની રૂયે દેવદ્રવ્ય માટે એકઠું થયેલું નાણું તે સિવાયના બીજા ઉદ્દેશ માટે ખરચી શકાય નહિ. સિવાય કે શ્રી સમસ્ત સંઘ એવા નિર્ણય ઉપર આવે કે આ દ્રવ્ય સમાજહિત માટે ખરચવું." હવે સમસ્ત સંઘને આ દ્રવ્ય સમાજહિત માટે ખરચવાના નિર્ણય ઉપર લાવવા માટે કેટલો ભગીરથ પ્રયાસ કરવાની જરૂર છે તેનો ખ્યાલ સાધારણ રીતે આવી શકે તેમ નથી. જૂના વિચારના-સંકુચિત દૃષ્ટિના આગેવાનો ગાડરીયા પ્રવાહની માફક એકજ ધોરણે કામ લેવાની વૃત્તિથી આ નવા વિચારની સામા થવાના. દેશ-કાળ સ્થિતિ અનુસાર આપણું શું કર્ત્તવ્ય છે તે બાબતનો વિચાર કરવાની તસ્દી ન લેતાં સેંકડો વરસોથી જે

For Private And Personal Use Only

પદ્ધતિથી આપણે કામ લીધે જઈએ છીએ તેમાં કોઇ પણ રીતે ફેરફાર થઇ શકે નહિ એમ પ્રતિપાદન કરવા માટે તેઓ સખ્ત મથન કરશે અને તેથી વરસોના વરસો સુધીના પ્રયાસથી એકઠું થયેલું દેવદ્રવ્ય સમાજહિતના હરકોઇ કાર્ય માટે ખર્ચી શકાય એવા નિર્ણય ઉપર સમસ્ત જૈન સંઘને લાવી શકાશે કે કેમ તે એક દુર્ઘટ પ્રશ્ન છે. પરંતુ આગેવાન જૈન સાધુઓ અને અગ્રગણ્ય વિચારકો, જૈન સમુદાય હાલમાં અવનતિની જે પરાકાષ્ટાએ પહોંચેલ છે તે તરફ જોતાં જૈન કોમના ઉત્કર્ષ માટે હવે ચારે બાજુએથી પ્રયાસ કરવાનું આવશ્યક સમજતા હોય તો તેમણે આ વિષયમાં પણ તાત્કાલિક કેવા ધોરણે કામ લેવું જોઇએ તેનો કંઇક વિચાર કરવાની જરૂર છે.

એક બાજુ જૈન પ્રજાની વસ્તિમાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય-અન્ય ભાઇબંધ કોમો સાથેની સરખામણીમાં આગળ વધવાને બદલે આપણે ઉલટા પાછળ હઠતા જઈએ-અનાથાશ્રમો-બાળાશ્રમો, વિધવાગૃહો, બોર્ડીંગહાઉસો, વિદ્યાર્થીગૃહો, ઉદ્યોગશાળાઓ, વિદ્યાલયો-જેવી અર્વાચીન સમયમાં સર્વત્ર ખાસ ઉપયોગી અને આવશ્યક ગણાતી સંસ્થાઓ આર્થિક વિષયમાં તેમજ ધોરણ પૂર્વકની વ્યવસ્થાની બાબતમાં તદ્દન મુફલેસ સ્થિતિ ભોગવતી હોય-યોગ્ય સાહાય્યના અભાવે જોઈએ તેટલી સારી સંખ્યામાં સમુદાયની વ્યકિતઓને સબળ આશ્રય આપવા અશકત હોય અને બીજી બાજુ મોટા મોટા દેરાસરોમાં અને તીર્થસ્થળોમાં દેવદ્રવ્ય નિમિત્તે લાખો રૂપૈયા એકઠા થયે જતા હોય તો તે શું સૂચવે છે? થોડી સંખ્યાના જૈન ભાઈઓ માટે હજારો દેવાલયો અને કરોડો રૂપૈયાનો-દેવદ્રવ્યનો વારસો મુકી જવો તેનો શું અર્થ? કષ્ટસાધ્ય ક્ષયના વ્યાધિના પંજામાંથી યોગ્ય ચિકિત્સા અને રામબાણ ઉપાયોના અભાવે જૈન સમાજ અસાધ્ય વ્યાધિના પંજામાં સપડાવાની તૈયારીમાં હોય તોપછી દેરાસરોની જાહોજલાલી શું ઉપયોગની? આ દેરાસરોને કોણ સંભાળવાનું? શ્રી વીતરાગપ્રણિત ધર્મના મુખ્ય સિદ્ધાંતોને બાધા પહોંચાડ્યા સિવાય આ સ્થિતિમાં કંઈ સુધારો કરી શકાય તેમ છે કે કેમ? કયા ધોરણે સુધારો કરવાની જરૂર છે? આ બધા સવાલોના નિર્ણય ઉપર આપણી ભવિષ્યની ઉન્નતિનો આધાર છે. ખરી દીલદાઝથી કામ કરનારા આપણા આગેવાનો જેટલી વિશેષ કાર્યદક્ષતાથી-દીર્ઘ દૃષ્ટિથી-વિશાળ હૃદય ભાવનાથી આ સવાલોનો નિર્ણય કરશે તેટલી તાકીદથી આપણો ભાવિ કલ્યાણમાર્ગ વધારે સીધો અને સરળ થશે. હજુ અસાધ્ય વ્યાધિના પંજામાં આપણો જૈન સમુદાય સપડાયેલ નથી તે જોતાં "ઉઠ્યા ત્યાંથી સવાર" એ ધોરણે કામ લેવાની વૃત્તિથી હાલ તુરત આપણે એવા નિર્ણય ઉપર આવી જઈએ કે પુષ્કળ દેવદ્રવ્યની સ્થિતિ તરફ જોતાં હવે આપણા જૈન ભાઈઓના ઘરમાંથી દેવદ્રવ્ય નિમિત્તે એક પાઈ પણ [illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તો તે નિર્ણય યોગ્ય, વાસ્તવિક અને સર્વમાન્ય થઈ પડશે કે કેમ તેને માટે ચર્ચા કરવાની અત્યંત આવશ્યકતા માનવામાં આવે છે. એકઠા થયેલ દેવદ્રવ્યને સમાજહિતના કાર્ય માટે વાપરવાની સમસ્ત સંઘની સંમતિ મેળવવાનું, સમુદાયનું વિચાર-વાતાવરણ વધારે ઉદાર-સમજણપૂર્વક વિશાળ થતાં સુધીને માટે મુલતવી રાખીએ તોપણ ઉપર જણાવેલા બીજા પ્રશ્નના સંબંધમાં આપણે તાત્કાલિક નીકાલ કરી શકીએ તેમ છે કે કેમ તે જોવાનું છે.

આપણે એવા નિર્ણય ઉપર આવીએ કે હવે આપણા જૈન ભાઇઓના ઘરમાંથી દેવદ્રવ્ય નિમિત્તે એક પાઇ પણ નવી કઢાવવાની જરૂર નથી તો આપણી અન્ય તમામ સંસ્થાઓ જોઇતી મદદ મેળવી સારી સ્થિતિ પ્રાપ્ત કરી શકે. જુનારૂઢીવિવશ વિચારોની પ્રબળતા એટલી બધી છે કે ઉપરોક્ત નિર્ણય સર્વમાન્ય થઈ પડે અને તેનો અમલ સર્વત્ર થાય તો પણ દેવદ્રવ્યમાં નવી આવક એકદમ તદન બંધ થઇ જાય તેવો સંભવ નથી છતાં પણ દેવદ્રવ્યના ભંડોળમાં જૈન ભાઈઓ તરફની નવી આવક જુજ-નહિ જેવી થાય તો, દેરાસરોના ચાલુ ખર્ચો તથા કવચિત્ અકસ્માત્ પ્રસંગના ખર્ચ કઇ રીતે નભી શકે તે પ્રશ્ન સાધારણ રીતે આપણી સન્મુખ ખડો થાય પરંતુ એક દેરાસરનું દ્રવ્ય બીજા દેરાસરના હિત માટે વાપરતાં જરા પણ આંચકો ખાવામાં ન આવે તો આપણા ઘણાખરા દેરાસરોમાં દેવદ્રવ્યની સીલીક એટલી બધી મોટી હોય છે કે મૂળ રકમ કાયમ રાખી જુદા જુદા તમામ દેરાસરો અને તીર્થસ્થળોના નાણા સદ્ધર બેન્કોમાં રોકવામાં આવે અને તેનું વ્યાજ જ ફક્ત વાપરવામાં આવે તોપણ દરેક દેરાસરનું ચાલુ ખર્ચ નભાવવામાં કોઈપણ જાતની મુશ્કેલી આવવા સંભવ નથી. જે કંઇ મુશ્કેલી જણાશે તે ફક્ત ઉપલક નજરથી જોનારને જ જણાશે. દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરતાં કંઈ પણ મુશ્કેલી જણાશે નહિ. ગતાનુગતિકના ધોરણથી દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જુદી જુદી અનેક યોજનાઓ નજરે પડે છે પરંતુ તેના ખર્ચ માટેના વાસ્તવિક માર્ગો સંભાળપૂર્વક યોજાયેલા જણાતા નથી. દેવદ્રવ્યને સમાજહિતના કાર્ય માટે ખરચવાની વાત એક બાજુ ઉપર રાખીએ પરંતુ દેવદ્રવ્ય દેરાસર નિમિત્તે જે જે બાબતોમાં ખરચાવું જોઇએ તે તે બાબતોમાં વાપરવા માટે પણ કંઇક કંજુસ વૃત્તિથી કામ લેવામાં આવે છે અને તેને પરિણામે દેવદ્રવ્યમાં એક બાજુએ વૃદ્ધિ જ થતી રહે છે ત્યારે દેરાસરના અંગના ખર્ચને પ્હોંચી વળવા માટે જુદા જુદા ફાળા ઉભા કરી મદદ માટે જૈન ભાઈઓ તરફ નજર કરવામાં આવે છે એટલે જૈન ભાઈઓ બીજી અનેક રીતે ઉપયોગી અને આવશ્યક સંસ્થાઓને જોઇતી મદદ કરવામાં પાછી પાની કરે એ ગનવાજોગ છે.

દેવદ્રવ્યના એકઠા થયેલા નાણા કેટલીક જગ્યોએ બાંધ્યે બચકે વ્યાજ ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાવ્યા વગર પડ્યા રહેવા દેવામાં આવે છે તેને બદલે તમામ નાણા સદ્ધર બેન્કોમાં રોકવામાં આવે અગર તો ઊંચી વ્યાપારી કુનેહ ધરાવતા–પ્રમાણિક જૈન આગેવાન વ્યાપારીઓ અને શરાફોની દેખરેખ નીચે વ્યવસ્થાપૂર્વકનું બંધારણ રચી એકાદ જબરજસ્ત જૈનબેંક સ્થાપી અને તેની શાખાઓ જુદા જુદા સ્થળોએ ઉઘાડી દેવદ્રવ્યના નાણાનું સારૂં વ્યાજ ઉપજાવવામાં આવે તો આ વ્યાજની રકમ જ એટલી મોટી થવા જશે કે તેની મદદથી તમામ દેરાસરોના ચાલુ ખર્ચ નભાવવા ઉપરાંત–સેંકડો જૈનમંદિરોનો જીર્ણોદ્ધાર પણ થઇ શકશે, તેમજ અકસ્માત કંઇક મ્હોટું ખર્ચ કરવાનો પ્રસંગ આવી પડશે તો મૂળ રકમમાંથી પણ ખર્ચ કરી શકાશે; દેરાસરો અને તીર્થક્ષેત્રોના નીભાવ ખાતર યા તો જીર્ણોદ્ધાર માટે જૈન ભાઇઓ પાસેથી કંઇ પણ રકમ કઢાવવાની જરૂર રહેશે નહિ. જુદા જુદા દેરાસરોના ટ્રસ્ટીઓએ પોતાના કબજાના દેવદ્રવ્યના નાણા ઉપરનો મોહ કમી કરી કંઇક ઉદાર બુદ્ધિથી–વિશાળ દૃષ્ટિથી કામ લેવાની જરૂર છે. એક દેરાસરનું દ્રવ્ય બીજા દેરાસર માટે ખરચવામાં કંઇ પણ વાંધો વ્યાજબી રીતે લઇ શકાય તેમ નથી.

ખાલી ધામધુમીયા–ફોગટના ઠાઠમાઠવાળા દેખાવો કરવાનો આ વખત નથી. આખો દેશ અને તેની સાથે આપણો જૈન સમુદાય પણ ઘણાજ બારીક સમયમાંથી પસાર થાય છે, દુનીયાની તમામ પ્રજાઓ ઉચ્ચ અર્થશાસ્ત્રની દૃષ્ટિથી મ્હોટા મ્હોટા વ્યાપારી લાભો મેળવવા ખાતર અને પોતપોતાના દેશના ઉદ્યોગોની ખીલવણી કરી ઉચ્ચતમ ઔદ્યોગીક સ્થિતિ પ્રાપ્ત કરવા ખાતર–વિશાળ ઔદ્યોગિક ક્ષેત્રમાં એક હથ્થુ સત્તાથી–સ્વતંત્ર રીતે કામ કરી શકાય તે હેતુથી હજારો મનુષ્યોના લોહીની નદીઓ વ્હેવરાવીને સર્વત્ર ભગીરથ પ્રયાસ કરતી દૃષ્ટિગત થાય છે; તેવા પ્રસંગે આપણે જુના વિચારના, સ્થિતિચુસ્ત–રૂઢીપ્રધાન વિચારકોના ધોંસરા નીચે બળદની માફક ભાર ખેંચ્યા જઇએ અને અન્ય ભાઇબંધ પ્રજાઓથી આગળ વધવાની વાત તો એક બાજુ ઉપર રહી પરંતુ તેમની હરોળમાં રહેવા જેવી સ્થિતિથી પણ પછાત પડી જઇએ તો જૈન પ્રજાનો મૃત્યુઘંટ વગાડનારનો ભય અક્ષરશઃ ખરો પાડવા જેવું થાય છે. સમયરંગ એટલો બધો બદલાઇ ગયો છે–યુરોપીયન મહાન વિગ્રહ–ભયંકર દુષ્કાળ અને બીજી કેટલીક ત્રાસદાયક આફતોને લીધે લોકોને એટલી બધી હાડમારી ભોગવવી પડે છે અને એટલી સખ્ત મોંઘવારી ચાલી રહી છે કે ગરીબ તેમજ સાધારણ સ્થિતિના જૈન કુટુંબને જીવનકલહ ઘણો ભારી થઇ પડેલ છે. સેંકડો જૈન કુટુમ્બોને એક યા બીજી રીતે ધનિક જૈનભાઇઓની સંગીન મદદની અપેક્ષા રહે છે, આવા પ્રસંગે શાસ્ત્રાજ્ઞાનુસાર દેશ–કાળ તરફ નજર રાખી આપણા વર્તનમાં–કાર્યક્રમમાં આવશ્યક ફેરફાર કરવા જેટલી નૈતિક હિંમત આપણે નં દાખવી શકીએ તો પછી ભવિષ્યમાં આપણી શું સ્થિતિ થઈ પડશે તેનો ખ્યાલ આવી શકતો નથી. કોમની ઉન્નતિ માટે પ્રયાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારાઓ હવે ચારે બાજુથી એકે અવાજે એવોજ સિદ્ધાંત પ્રતિપાદન કરે છે કે (now or never) સમુદાયના ઉત્કર્ષ માટે કંઇ પણ પ્રયાસ–તજવીજ કરવાની જરૂર ધારતા હો તો હાલ તુરતજ કરો. નહિ તો પછી ભવિષ્યમાં ગમે તેટલો મહાન પ્રયાસ ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી શકશે નહિ.

સમુદાયનું ભવિષ્ય સુધારવાનું અગર તો બગાડવાનું સમુદાયના આગેવાનોના હસ્તકજ છે. સમુદાયનો મ્હોટો ભાગ દરેક બાબતમાં પુખ્ત વિચાર કરવાની શક્તિ ધરાવતો નથી અગર તો તસ્દી જ લેતો નથી, પરંતુ ગાડરીયા પ્રવાહની માફક એક બીજાની પાછળ ચીલે ચીલે ચાલ્યો જાય છે અને તેથી જ આગેવાનોને માથે ઘણી સખ્ત જવાબદારી રહેલી છે. આ જવાબદારી કઇ રીતે અદા કરવી–સમુદાય તેમનામાં શ્રદ્ધાથી અગર કવચિત્ અંધશ્રદ્ધાથી જે વિશ્વાસ રાખે છે તેની સાર્થકતા કઇ રીતે સિદ્ધ કરવી તે બાબત આગેવાનોએ ખાસ લક્ષ્યમાં લેવા જેવી છે. દેવદ્રવ્ય માટે એકઠા થયેલ નાણા એકદમ સમાજહિતના કાર્યમાં ખરચી નાંખવાના નિર્ણય ઉપર આગેવાનો કદાચ ન આવે એ સંભવિત છે, પરંતુ સમુદાયની આધુનિક સ્થિતિ જોતાં, દેવદ્રવ્યનું વ્યાજ અને ખાસ જરૂરના પ્રસંગે મુદ્દલ રકમનો કંઇક ભાગ કોઈ પણ જાતના ભિન્ન ભાવ સિવાય હરકોઇ દેરાસર માટે વાપરવાના નિશ્ચય ઉપર આવી જૈનભાઇઓની ઉદારતાનો પ્રવાહ તદન નવી અને જુદી દિશા તરફ–અર્વાચીન સમયમાં ખાસ ઉપયોગી અને ઉપકારક સંસ્થાઓને મદદ કરવા તરફ વાળવામાં આવે તો આપણે અનેક નમુનેદાર–આદર્શરૂપ સંસ્થાઓ નવીન સ્થાપિત કરવા તેમજ સ્થાપન થયેલી સંસ્થાઓ જેઓ હાલમાં ટગુમગુ સ્થિતિમાં જણાય છે તેમને સારી રીતે પગભર થયેલી જોવા ભાગ્યશાળી થઈએ. આપણે કેવી સંસ્થાઓની ખાસ જરૂર છે તેમજ ચાલતી સંસ્થાઓને માટે જુદે જુદે પ્રકારે મદદ મેળવી તેમને કેવા ધોરણે વ્યવસ્થાપૂર્વક ચલાવવી જોઈએ તે વિષયની ચર્ચા બીજા કોઈ પ્રસંગે હાથ ધરવામાં આવશે, પરંતુ હાલ તુરત ઉદાર વૃત્તિ માટે સારી રીતે પ્રસિદ્ધિ પામેલા જૈનભાઇઓની ઉદારતાને ગાંડી–વિવેકશૂન્ય ઉદારતા ન ગણી લેવામાં આવે તેની ખાતર, ઉદારતાના પ્રવાહને જુદીજ દિશા તરફ વ્હેવડાવવાની આવશ્યકતા જણાય છે. ચીલો બદલવાની ખાસ જરૂર જણાય છે. જીવદયાપ્રતિપાળના ઉપનામથી ઓળખાવાનું અભિમાન ધરાવતી જૈન કોમ, આવા ભયંકર દુષ્કાળના વખતમાં–કેટલાક જૈન તેમજ જૈનેતર ભાઇઓને એક ટંક પણ પુરૂં ખાવાનું મળતું ન હોય તેવા સમયમાં–લાખો મુંગા પ્રાણીઓ ઘાસચારા વગર મરણતોલ સ્થિતિ ભોગવતા જણાય છે તેવા વખતમાં પણ અઠ્ઠાઇ મહોત્સવો, ઉજમણા, સ્વામિવત્સલો, વરઘોડા વગેરેની ધામધુમ અને ખ્યાલી ઠાઠમાઠમાં લાખો રૂપૈયાનું ખર્ચ કરે તે કેટલી બધી દયાજનક સ્થિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાય તે કલ્પી શકાતું નથી. એક બાજુ આગેવાન મુખ્ય લેખકો–ઉપદેશકો–વિચારકો આવા ખર્ચો વિરૂદ્ધ પોતાના વિચારો પ્રકટ કર્યે જાય અને બીજી બાજુ તેમને જ સન્માનપૂર્વક આમંત્રણ કરી–તેમની જ નીચેઆની નીચે–કવચિત્ તેમનો આગમન પ્રસંગ જ ઉજવવા ખાતર તેમના સીધા યા આડકતરા ઉપદેશથી આવા ધામધુમીયા ખર્ચો કરવામાં આવે તેનો શું અર્થ ? આપણા ઉત્કર્ષ માટે હજી પણ કંઈક અવકાશ છે, સમુદાયને લાગુ પડેલ વ્યાધિ હજુ અસાધ્ય સ્થિતિએ પહોંચેલ નથી તેનો લાભ લઇ આપણે સવેળા ચેતવું જોઇએ.

આ બાબતમાં આપણા સમુદાયના હિત ખાતર ઉપરોક્ત નિર્ણય જૈનસમુદાયને અંગીકાર કરવા યોગ્ય જણાય તો પછી તેનો અમલ કરાવવા માટે આગેવાન જૈન સાધુઓએ તેમજ ગ્રહસ્થોએ સચોટ ઉપદેશ દ્વારા પ્રજાના બ્હોળા સમુદાયને તે દિશા તરફ વાળવાની જરૂર છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જુદા જુદા અનેક પ્રસંગો ઉપસ્થિત કરવામાં આવે છે તેને બદલે હવે પછી સમસ્ત જૈનસમુદાયના હિત માટે નાણા એકઠા કરવા જુદી જુદી યોજનાઓ તૈયાર કરવાની જરૂર છે. આ વિષયની ચર્ચા હવે પછી ઉપરોક્ત નિર્ણયના સંબંધમાં અન્ય જૈન વિદ્વાનોના વિચારો જાણ્યા બાદ હાથ ધરવામાં આવશે. લેખક.

ઉપર આપેલા લેખકના વિચારો સાથે અમે સંમત થઇ શકતા નથી. અમારા સવિસ્તર વિચાર શાસ્ત્રોક્ત આધાર સાથે આપવાનું બાકી રાખીને કેટલાક ખુલાસા આ નીચે આપવામાં આવ્યા છે. બાકી લેખકે આ લેખ લખ્યા પછી આ સંબંધમાં ઘણું લખાયેલું છે.

દેવદ્રવ્યની શરૂઆતનું કારણ પંડિતજીએ આપેલું છે તે તદન કલ્પિત છે. તેને માટે તેમણે આધાર બતાવવાની આવશ્યકતા છે. બીજાની પાસે શાસ્ત્રાધાર માગનારે પોતાના લખાણની પુષ્ટિમાં આધાર આપવોજ જોઇએ.

તાંત્રિક યુગ સાથે જૈનોને સંબંધ નથી. તેમ તે વખતે દેવદ્રવ્યની શરૂઆત થયાની વાત બીલકુલ કાલ્પનિક છે.

દેવદ્રવ્યની શરૂઆત જ્યારે એક કરતાં વધારે ગૃહસ્થોએ અને સમુદાયે મળીને દેરાસરો બંધાવવા માંડ્યા ત્યારથી થયેલ છે. ઉપજના સાધનની જરૂરીઆત પણ તેવા મંદિરો માટે તેમજ એકેક માલીકે બંધાવેલ સંખ્યાબંધ દેરાસરો તેના બંધાવનારને અભાવે અપૂજ્ય રહેવા લાગ્યા ત્યારે પડી અને તેથી વિચક્ષણ શ્રાવકોએ સમુદાયમાં વિરોધ ન થાય અને ઉપજ થાય તેવા સાધનો જોડ્યા. આ હકીકત યથાર્થ છે.

દેવદ્રવ્ય કેમ એકઠું કરવું, કેમ રક્ષણ કરવું, કેમ વધારવું, તેને માટે બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ કાયદો બાંધેલો દ્રવ્યસપ્તતિકા, શ્રાદ્ધવિધિ વિગેરેમાં મોજુદ છે છતાં તે પ્રમાણે વર્તતાં કંઇ ભૂલ કરવામાં આવેછે તેનુંજ આ સઘળું મતભેદરૂપ પરિણામ છે.

એ સંબંધમાં અભિપ્રાય આપ્યા અગાઉ અભિપ્રાય આપનાર બંધુએ એ કાયદાનું જ્ઞાન મેળવવાની જરૂર છે.

અપ્રશસ્ત પ્રયાસ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શું થાય છે તે લેખકે જણાવવાની જરૂર હતી જેથી તેને અટકાવવાનો પ્રયાસ થઇ શકે.

લેખક જૈનબંધુઓનું વલણ અન્યત્ર વાળવાની જરૂર બતાવે છે. અમે તો ઘણે ભાગે વળેલું અનુભવીએ છીએ. કોન્ફરન્સ જેવા મહાન મેળાવડાને પ્રસંગે કઇ બાબતમાં દ્રવ્યનો વરસાદ વરસે છે તે ધ્યાનમાં લઇને પછી આ બાબતમાં વધારે લખવાની જરૂર છે. જુઓ ! ભાવનગરમાં મળેલી કોન્ફરન્સ વખતે કેળવણી નિમિત્તમાં લાખ રૂપીઆ લગભગનું ફંડ થયું હતું. દેવદ્રવ્યમાં કેટલું થયું હતું ?

શીહોર સ્ટેશને હેંડબીલ વેંચાય છે તે લેખકે લખેલી એક બે સંસ્થાઓ માટે નથી; તેને માટે તો સર્ટીફીકેટ આપવા શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓ તૈયાર છે. બાકી બીજી એટલી બધી સંસ્થાઓ ને વ્યક્તિઓ યાત્રાળુઓ પાસેથી ગેરવ્યાજબી લાભ મેળવે છે કે જેને માટે એ હેંડબીલની જરૂરજ છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં ભંડાર મંડાવવા જતાં ખાસ સાધારણ ને જીવદયા ખાતામાં વધારે રકમની આવશ્યકતા બતાવવામાં આવે છે. આવો મારો જાતિઅનુભવ એકથી વધારે વખત માટે છે. તેની છાપેલી પહોંચમાં તેવા ખાતાઓ ઘણા બતાવવામાં આવેલા છે.

નહીં ઇચ્છવા યોગ્ય વૃદ્ધિ શી રીતે કરે છે ? તે મોગમ લખવા કરતાં સ્પષ્ટ લખવાની જરૂર છે.

પડ્યા રહેલા દેવદ્રવ્યને એકત્ર કરી એક સરખી રીતે જ્યાં જ્યાં જીર્ણોદ્ધારની આવશ્યકતા હોય ત્યાં ત્યાં અસ્ખલિતપણે વાપરવાની બાબતમાં અમે સંમત છીએ. એને માટે ખાસ મીસ્ત્રી રાખી તજવીજ કરાવવાની પણ જરૂર છે. આ બાબતમાં બે મત હોવાનો સંભવ નથી. પરંતુ પોતપોતાના તાબાના દ્રવ્યને તેવી રીતે વાપરવામાં કંજુસાઈ થતી હોયતો તેને માટે પ્રયાસ કરવાની ખાસ આવશ્યકતા

લેખક ઉન્માર્ગે વ્યય થવાનું લખે છે તો તે સ્પષ્ટ કરવું. અમે ઉન્માર્ગે વ્યય થવાની સખ્ત વિરૂધ્ધ છીએ. અને સ્પષ્ટ જાણવામાં આવે તો તે સંબંધમાં વધારે હીલચાલ કરવા તૈયાર છીએ.

લેખકે પોતાના લેખમાં ઘણી બાબતો પર ધ્યાન આપેલ છે ને આપવા જણાવેલ છે તેથી તેને માટે ધન્યવાદ ઘટે છે. એવી રીતે વિચક્ષણપણાથી ચર્ચા કરવામાં આવશે તો આ વિષયમાં સારૂં પરિણામ આવશે એમ અમારૂં માનવું છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आपणा केटलाक सामाजिक सवालो.[1]

(૫)

આપણા સામાજીક સવાલોનો વિચાર કરતાં એક વિચારક મંડળની જરૂર પર વિચાર કર્યો, ત્યાર પછી કોન્ફરન્સની વર્ત્તમાન સ્થિતિનાં કારણો પર પર્યાલોચના કરી, તેમાં સુદ્દાસરનાં ત્રણ કારણો આપણે વિચારી ગયા; કોન્ફરન્સને વિચારક મંડળની કોટિમાંથી લઈને યોજનાનો અમલ કરનાર મંડળ તરીકે પણ યોજ્યું, વિચાર પ્રગટનને અંગે સત્તા અને સ્થાપિત હકોએ ખોટો ખ્યાલ લીધો અને સાધુઓમાંની કેટલીક સમર્થ વ્યક્તિઓએ કોન્ફરન્સનો ઉદ્દેશ સમજવા યત્ન ન કરતાં તેની તરફ આક્ષેપ કરવા માંડ્યો, એના પરિણામ તરફ વિચાર ન કર્યો. કોઈ પણ કાર્ય ઉઠાવતાં-બાંધતાં ઘણી મુશ્કેલીઓ પડેછે, ઘણાં ભોગો આપવા પડે છે, ઘણી ભૂલો સુધારવી પડે છે, ઘણી શરૂઆતો કરવી પડે છે, ખોટા માર્ગે ગમન થઈ ગયું હોય તો તે તરફ લક્ષ્ય ખેંચાતાં પશ્ચાદ્ગતિ કરી સત્ય માર્ગે આવવું પડે છે; પરંતુ ચાલુ વ્યવસ્થાને ભાંગી નાંખતાં અથવા ભાંગી પડે તેવી સ્થિતિમાં મૂકતાં બહુ ભોગ, શકિત કે પ્રયાસ કરવો પડતો નથી. વરસોના પ્રયાસથી બાંધેલ રાજભુવન તોડી પાડતાં તેટલા દિવસો પણ થતા નથી. સત્તા અને જોરના તોરમાં ટેવાયલા આગેવાનોથી ગેરસમજુતી પામેલી આ સંસ્થા જે લક્ષ્ય અગાઉ ખેંચી શકી હતી તેમાં ઓછાશ થતી ગઈ તેના બીજા પણ ઘણા કારણો છે; તેમાંના કેટલાંક ખાસ મુદ્દાસ કારણો હવે આજે વિચારી લઈએ. તેનો માત્ર નામનિર્દેશ કરી તે પર સહજ વિવેચન કરવામાં આવશે, કારણકે બહુ લંબાણની હવે જરૂર નહિ રહે.

કોન્ફરન્સના કાર્યવાહકોએ પ્રથમથી કોન્ફરન્સના પ્રમુખની ચુંટણીમાં બહુ વિચિત્રતા બતાવી. કોંગ્રેસમાં આખા દેશનો હાથ છે, પણ તેના નાયક સ્થાને તો વિચારક વિદ્વાનજ આવે છે. અમુક રાજા પાસે મોટી સત્તા છે અથવા તેણે રાજ્યહિત દેશહિતમાં ધનવ્યય કરેલ છે તે કારણે તેને પ્રમુખ બનાવવા જોઇએ એવો સવાલ પણ કોંગ્રેસમાં આવ્યો નથી; ત્યાં તો રાજ્યદ્વારી વિષયના ઉંડા અભ્યાસી, સમાજશાસ્ત્રમાં નિષ્ણાત અને લોકોમાં વિશ્વાસ પામેલને પસંદગીથી પ્રમુખસ્થાને [illegible]વામાં આવે છે. આપણી ભાવના કોંગ્રેસને અનુરૂપ બંધારણ કરવાની હતી છતાં પ્રમુખની ચુંટણીમાં આપણે પ્રાચીન વિચારોપર દોરવાઈ ગયા અને માત્ર ધન અને સત્તાનેજ બહુધા સ્થાન આપ્યું. આથી ધનવાન વર્ગ પોતાની અનિવાર્યતા માનવા લાગ્યો અને કેટલાક તો ૨૫-૫૦ પેઢીનો ખાનદાનીનો ઇતિહાસ હોય તોજ પ્રમુખ થઈ શકાય, કારણ કે એવું જીવનચરિત્રજ અખબારોમાં તે પ્રસંગે શોભે એવા

---

[1] અનુસંધાન ગયા વરસના પૃ. ૩૮૧ સાથે. આ વિષય ચાલુ છે પણ અહીંથી વાંચવામાં આવશે તો પણ સમજાઇ જશે. મો. ગિ. કાપડીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યામોહમાં પડી ગયા. ધનવાનમાં પણ વિચારશીળ, દીર્ઘદર્શી અને જરૂરી પ્રશ્નપર જાતે વિચાર કરનાર હોય તો તે યોગ્ય ગણાય, પણ કેટલાક પ્રસંગોએ તેમના ભાષણો લખનાર પણ ભાડુતી અને બોલનાર વાંચનાર પણ ભાડુતી એવો વિચિત્ર સંયોગ મોટે ભાગે બન્યો. એક વખત ભાષણ નવીન શૈલીએ લખતાં ન આવડે તો પોતાના વિચારને આકારમાં મૂકવાના કામમાં અભ્યાસીની સહાય લેવાની જરૂર સ્વીકારીએ; પણ જ્યાં બીજાના વિચારો પણ ગમે તેવી રીતે ઘુસી જાય અને ભાષણ છપાયા પહેલાં જેના નામથી વંચાવાનું હોય તેના વાંચવામાં પણ ન આવે ત્યાં તો પછી અંધાનુગામિતાની પરાકાષ્ઠા થાય છે. એ ઉપરાંત સભાના નિયમો શું છે, સભામાં ઓરડર કેમ રહી શકે, પ્રમુખ રૂલીંગ કયારે આપે, એ રૂલીંગને અંગે સભાએ કેમ વર્તવું જોઇએ, કાસ્ટીંગ વોટ કયારે આપવો, વોટ કેમ લેવાય–આવા સામાન્ય સભામેળાપના નિયમોનું પણ જેમને ભાન ન હોય તેમને પ્રમુખસ્થાને લઇ આવવાની અને તેઓ જાતે સ્વીકારવાની ધ્રષ્ટતા કરે એવી સમાજ કયાં દોરવાઈ જાય તે કલ્પવું મુશ્કેલ નથી અને એવી રીતે કરેલ પસંદગીને લઇને કોઇ વિષય ઉપર ઉત્પન્ન થતાં અથવા ચર્ચા ચાલતાં સબ્જેક્ટ્સ કમીટિમાં કેવી ગેરવ્યવસ્થા અને અવ્યવસ્થા થઈ જતી હતી તે આપણા અનુભવનો વિષય છે. બધી ચુંટણીઓ આજ ધોરણે થઈ છે એમ કહેવાનો આશય નથી, એમાં અપવાદો પણ થયેલા છે, પરંતુ હજુ સુધી તે સંબંધમાં ચોક્કસ નિર્ણય થયો નથી, અને દરેક શહેરની રીસેપ્શન કમીટિ જેના હાથમાં પ્રમુખની પસંદગીની સત્તા આપવામાં આવી છે તેની ઇચ્છા સાધારણ રીતે ઉપયોગિતા કરતાં શોભા તરફ અને વ્યવહારૂ કાર્ય કરવાની જિજ્ઞાસા કરતાં વાહવાહ બોલાવવાની ધારણા તરફ વધારે વળેલી જણાય છે. ત્યાર પછી કદાચ રીતસર હેડ ઓફીસની સંમતિ માગવામાં આવે તો તેનું પરિણામ કાંઇ જોઇએ તેવું આવતું નથી. એવી સંમતિમાં ના કહેવામાં બહુ સંકોચ રહે છે. પ્રમુખની પસંદગી માટે જરૂરી નિયમો મુકરર થવા જોઇએ અને જવાબદારી સમજી શકે તથા મુશ્કેલીના નીવેડા વખતે પોતાની બુદ્ધિનો પ્રાસાદ બતાવી શકે તેવા પ્રમુખનીજ પસંદગી થવી જોઇએ એ ખાસ જરૂરી બાબત છે. આ બાબતમાં પ્રમાદ થવાથી સબ્જેક્ટ્સ કમીટિમાં જ્યારે જ્યારે ચર્ચાના પ્રસંગો આવવાનું બન્યું છે ત્યારે મોટો કચવાટ ઉભો થતો જોવામાં આવતો હતો. કોંગ્રેસમાં એક એક ઠરાવપર મોટી સંખ્યામાં સુધારાઓ આવે ત્યારે તેના પ્રમુખો ડાહ્યકાઇ વાપરી કેવી કુનેહથી વચલો માર્ગ કાઢે છે, કેવો તોડ ઉતારે છે અને સર્વ પક્ષોને કેવી રીતે રાજી અને શાંત રાખે છે તેનો જ્યારે અનુભવ કરીએ છીએ ત્યારે આ બાબત બરાબર સમજી શકાય છે. વળી સબ્જેક્ટ્સ કમીટિમાં જે કચવાટ થાય છે તે ત્યાંથીજ અટકી જતો નથી પણ દરેક સભ્ય ઉપર તે દીર્ઘ છાયા મૂકી જાય છે અને પરિણામે કોન્ફરન્સ તરફ અવ્યક્ત રીતે અભાવ ઉત્પન્ન થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આપણામાંજ વિદ્વાન અથવા ઠરેલ અનુભવી-પ્રમુખે અથવા નેતાઓએ અગાઉ કેવા ડહાપણથી કામ લીધું હતું તેના પ્રસંગો યાદ કરીએ છીએ ત્યારે આ બાબત સ્પષ્ટ જણાઇ આવે છે. સબ્જેક્ટ્સ કમીટિમાં આખી રાત નિરર્થક ચર્ચામાં પસાર કરવાના પ્રસંગો આપણને થોડા બન્યા નથી, આપણે કમીટિમાંથી ઉઠી દાતણ કર્યાં છે અને એ સર્વ કચવાટની અસર આખા મંડળ ઉપર થઇ છે. પ્રમુખની પસંદગીમાં વ્યવહારદક્ષતા અને સમયજ્ઞતાનો નિયમ સ્વીકારવાથી ઘણી મુશ્કેલી ઓછી થવાના પ્રસંગો આવે એમ લાગે છે. થયેલી બધી મુશ્કેલીઓ પ્રમુખની નબળાઇથીજ થઈ હતી અથવા થાય છે એમ કહેવાનો આશય નથી, પણ મુશ્કેલીના પ્રસંગો આવે ત્યારે પ્રમુખની વિવિધતાવાળી બુદ્ધિ આખા સમાજને યોગ્ય માર્ગે દોરી શકે છે અથવા કચવાટ થવા દેતી નથી. કુનેહ અને વ્યવહારદક્ષપણાનો આવા કટાકટીના પ્રસંગ વખતે ઉપયોગ બરાબર યોગ્ય રીતે કરવાની જરૂર પડે છે.

કોન્ફરન્સની વર્તમાન દશાનું બીજું કારણ એ પણ જણાય છે કે બંધારણની ગેરહાજરીમાં એ સંસ્થા અતિ વિસ્તૃત થઇ પડી, એને બોલાવવામાં અને એના અધિવેશનની યોજના કરવામાં મોટો ખરચ થઈ પડ્યો અને નાના ગામોને તે કાર્ય અતિ વિકટ થઇ પડે તેવી સ્થિતિ ઉભી થઇ. મુંબઇની છેલ્લી કોન્ફરન્સના અધિવેશનમાં બંધારણ એવા પ્રકારનું ઘડવામાં આવ્યું છે કે હવે પછી આ મુશ્કેલી કોઇ સ્થાને રહેજ નહિ અને કોન્ફરન્સ લગભગ પોતાના ઉપર આધાર રાખનારી સંસ્થા થઇ જાય. કોઇ નાના ગામો કે શહેરવાળા ધારે તો પણ એ સંસ્થાનું અધિવેશન પોતાને ત્યાં યોજી શકે એવી વ્યવસ્થા થઇ ગઇ છે, પણ લોકોના મનમાંથી હજુ અગાઉની ધમાલ, સંખ્યા અને મોટા કામનો ખ્યાલ જઇ શકતો નથી. નવીન બંધારણપર બરાબર વિચાર કરવામાં આવે અને તેને અમલમાં મૂકવા પ્રયત્ન થાય તો કોન્ફરન્સનું અધિવેશન બોજારૂપ કોઇને લાગશે નહિ. એ બંધારણ અનેક અનુભવોને પરિણામે કરવામાં આવ્યું છે અને એને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. બાકી એ સંસ્થાની પ્રથમ વયમાં એને લોકોની નજરમાં લાવવા માટે અને એને લોકપ્રિય બનાવવા માટે આડંબરની જરૂરીઆત હતી અને એ આડંબરનો સમય જતાં રીતસરનું બંધારણ થયું છે. અહીં વર્તમાન દશાને અંગે જે કારણ આપણને જણાય છે તે એ છે કે હજુ પણ પૂર્વકાળના ખ્યાલમાં કોન્ફરન્સને અતિ બોજા રૂપ ગણવામાં આવે છે. જેઓ નવીન બંધારણનો બારીક અભ્યાસ કરશે તેઓ આ સ્થિતિ હવે રહી નથી એમ સમજશે. આપણા વ્યાવહારિક પ્રસંગોએ ધામધુમ ન કરવી એવો કાંઇ આપણો નિર્ણય નથી, છતાં દેખાદેખી વધી પડે તેથી સંખ્યા અને ધામધુમમાં સાદાઇ લાવવાનો નિર્ણય થઇ જ ગયો છે. આ કારણ જો કે હાલ ઉપસ્થિત નથી, છતાં પ્રાચીન ગૌરવ યાદ કરનારને જરા કારણરૂપ જણાય છે તેથી તેનો અત્ર ઉલ્લેખ કરવાની જરૂર લાગે છે. કાંઇક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો પણ ખ્યાલ પ્રચલિત થઇ ગયો જણાય છે કે જમણ વિગેરેની ધામધુમ એક શહેર કરતાં બીજા શહેરવાળા વધારે કરે તો તેમનું વધારે ઠીક બોલાય અને તેમને ગૌરવ લેવાનું કારણ બને. આવા ખ્યાલથી ગેરસમજુતી-ઉત્પન્ન થાય છે. વળી સંઘજમણ આદિના રૂઢ ખ્યાલોને અંગે જમવા વિગેરેની ફી લેવાનો નવીન વિચાર કેટલાકને ઘણો વિચિત્ર લાગે છે. ફી લેવાનો હેતુ માત્ર એકજ છે કે નકામા માણસો ઓછા આવે, માત્ર ચાર દિવસ ગમત કરવાના ખ્યાલથી કોઇ દોરવાઇને ન આવે અને જવાબદારી સમજનાર જ આવે, છતાં ફી લેનાર મંડળ તેમાં કાંઇ હીણપસ્તી થતી હોય એમ માને છે. આથી મૂળ હેતુનો વ્યાઘાત થાય છે અને કોન્ફરન્સના અધિવેશનનો બોજો ઓછો થતો નથી.

જે નવીન બંધારણ ઘડવામાં આવ્યું છે તેની વ્યવસ્થા બહુ સુંદર છે, તેમાં અનુભવનું પરિણામ સ્પષ્ટ જણાઇ આવે છે, તેમાં કોન્ફરન્સ ઓફીસને સર્વ કાર્યનો રિપોર્ટ લેનાર કેંદ્રસ્થ મંડળનું સ્થાન અપાયું છે, આખી યોજનાને વ્યવહારરૂપ કેમ અપાય તેવી સંકળના કરવામાં આવી છે, મોટા શહેરથી તે નાનામાં નાના ગામડા સુધી એકરૂપતા થાય એવી ગોઠવણ રાખવામાં આવી છે, જવાબદારીની બરાબર વહેંચણી કરવામાં આવી છે, યોગ્ય જવાબદાર વ્યક્તિઓને પોતાનો સ્વાર્થત્યાગ અને શકિત દર્શાવવાના અનેક પ્રસંગો ઊભા કરવામાં આવ્યા છે, સ્વ સ્થાનની ઉન્નતિના ખ્યાલને પોષણ મળે તેવી ગોઠવણ કરવામાં આવી છે, સમાજ હિતમાં અમુક ગામ કે જીલ્લાનું હિત છે અને તેથી સર્વની એક સાથે પ્રગતિ થવી જોઇએ એવી દ્વિભાગી વ્યવસ્થા રાખવામાં આવી છે અને અનુભવ તેમજ વિચારને સંપૂર્ણ અવકાશ મળે, નવીન અને પ્રાચીનની એકતા થાય, વિવિધતામાંથી સાર રહસ્ય ખેંચી શકાય એવી ગોઠવણ રાખી છે. નવીન બંધારણનો બારિક અભ્યાસ કરવાથી ઉપરના સર્વ નિયમો દૃષ્ટિગત થતા જોવામાં આવશે અને એ યોજના કેટલી વિશાળ અને કાર્યગ્રાહી છે તેનો ખ્યાલ આવશે. સમાજમાં કેટલાક સ્થૂળ ખ્યાલો હોય છે, વ્યકિતઓમાં કેટલાક ખ્યાલો હોય છે, અમુક હોદ્દાઓ અથવા અંગભૂતતા હોય તોજ કાર્ય કરવાની હોંશ કેટલીક વ્યકિતઓમાં ઉત્પન્ન કરી શકાય છે, કેટલાકને પોતાના સ્થાન, ગામ કે જ્ઞાતિનું હિત થાય તોજ પ્રગતિના કાર્યમાં ભાગ લેવાની વૃત્તિ થાય છે. આ સર્વ બાબતોપર લક્ષ્ય રાખી બંધારણ કરવામાં આવ્યું છે, પણ અત્યંત શોચનીય બાબત એ છે કે એ બંધારણ પ્રમાણે કાર્ય કરવાની આપણી કોમે તૈયારી બતાવી નથી. એનાં બે કારણો હોઇ શકે. કાં તો આપણે કામ કરવુંજ નથી અથવા બંધારણની વ્યવસ્થા એટલી મોડી થઇ છે કે લોકોને હવે તેના પર શ્રદ્ધા બેસતી થતી નથી. જો પ્રથમનું કારણ હોય તો તો વિચારકો ગમે તેટલા બંધારણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તે નકામા છે, ગમે તેટલા વિચારો કરે તે બીન જરૂરી છે, ગમે તેટલા ખ્યાલો કરે તે વીર્યવ્યય કરનારા છે. જ્યાં કોઇને કામ કરવાની ઇચ્છાજ નથી ત્યાં પાયા વગર કિલ્લા બાંધવાની આવશ્યકતા જ શી છે ? આ ખ્યાલ હૃદયભેદક છે પણ સામાજિક સ્થિતિ જોતાં ઘણે અંશે સત્ય છે એમ જણાશે. બીજું કારણ બંધારણની વ્યવસ્થા મોડી થવાનું છે એમ ધારીએ તો તે પણ અયોગ્ય છે. દશ બાર વરસ વગર અનુભવ થાય નહિ અને અનુભવ વગર ખ્યાલી બંધારણ થાય તો તે વ્યવહારૂ થઇ શકે નહિ. વળી થયેલ બંધારણ સંપૂર્ણ છે કે હોઇ શકે એવો દાવો પણ નથી. જેમ જેમ પ્રસંગો વધતા જાય, નવીન કાર્યવાહકો હોંશથી કાર્યદીક્ષા લેતા જાય, ઠોકરો ખાવાના પ્રસંગો આવતા જાય તેમ તેમ કાર્યની વિવિધતા વધતી જાય અને બંધારણમાં સુધારો વધારો થતો જાય. પ્રગતિનો આજ માર્ગ છે અને જે જે પ્રજાઓ, સંસ્થાઓ કે સમાજો અત્યાર સુધી આગળ વધેલ છે તે આ ધોરણને અનુલક્ષીનેજ થયેલ છે. કોમના ઇતિહાસમાં દશ બાર વર્ષ એ કાંઇ બિસાત વગરની બાબત છે. કોમની સ્થિતિપર વિચાર કરી યોગ્ય બંધારણ કરવા એક કમીશન નીમ્યું હોય તો તે પણ તપાસ કરવામાં, હકીકતો એકઠી કરવામાં, અભિપ્રાયો કેળવવા અને મેળવવામાં તેમજ જુબાનીઓ માટે ગામે ગામ ફરવામાં તેમજ એકઠાં થયેલ સાધનોનું પ્રથક્કરણ કરવામાં એટલો વખત તો સહેજ કાઢી નાખે. આથી બંધારણ કરવાનું કાર્ય મોડું થયું છે એમ ધારવું યોગ્ય નથી.

કોન્ફરન્સનું નવીન બંધારણ અત્યારની સ્થિતિને અનુરૂપ નથી, જરૂરી નથી કે વ્યવહારૂ નથી એવી કોઇ પણ સ્થાનપરથી જવાબદાર માણસોએ ટીકા કરી હોય એવું જાણવામાં નથી અથવા તેવા કાંઇ મુદ્દા બહાર પણ આવ્યા નથી તેથી એ દૃષ્ટિએ વિચાર કરવાની જરૂર નથી. ત્યારે સવાલ એકજ રહે છે કે એ બંધારણ પ્રમાણે કાર્ય કેમ થતું નથી ? એમાં પ્રમાદ અને દુર્લક્ષ્ય સિવાય બીજું કારણ મળી આવતું નથી. હવે આ કારણ જો સત્ય હોય તો પરિણામ શું આવે તે પર વિચાર કરી જઇ આ સવાલને હાલ પૂરો વિચારી નાખીએ.

આપણી કોમ બહુજ નાની છે, એની સંખ્યાનો ખ્યાલ કરીએ તો એ આટામાં લુણ જેટલી પણ નથી, એનો પણ હ્રાસ થતો જાય છે, સંખ્યામાં દરવરસે ઘણાં કારણોથી ઘટાડો થતો જાય છે, એમાં નવીન લોહી આમેજ થવાની પદ્ધતિ ઘણા કાળથી અફસોસ કારણોને લઇને બંધ થઇ ગઇ છે ( જે મુદ્દાપર હવે પછી લંબાણ વિચાર કરવાનો છે ), સંખ્યાના પ્રમાણમાં એને માથે તીર્થ, મંદિર અને સાહિત્યની મોટી જવાબદારી છે, એને પોતાની સ્થિતિ જાળવી રાખવા માટે ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર પડે તેવું સ્પષ્ટ જણાય છે, એની અતિ નાની સંખ્યામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અનેક કારણોને લઇને વિભાગો અને પેટા વિભાગો પડી ગયા છે, એ પેટા વિભાગોના પણ અતિ નાના વર્તુળો અરસ્પરસ પ્રયત્નને નરમ પાડતા જોવામાં આવે છે. આવા સંયોગોમાં જો સમૂહ બળ-સંઘબળને સંઘટ્ટિત કરી એકત્ર કરવામાં ન આવે તો આપણે બહુ નીચા ઉતરી જઇએ, અગાઉ જણાવ્યું છે તેમ આપણે શ્રી વીરના સંદેશા જગતને કહેવાના છે, દુનિયામાં અહિંસા અને સ્યાદ્વાદના મહાન્ સત્યોને જણાવવાની આવશ્યકતા છે, નય ભંગના ન્યાયસૂત્રો વર્તમાન ન્યાયસૂત્રોને અનુરૂપ છે એમ બતાવી શકાય તેવું છે, વીરનો કર્મનો સિદ્ધાન્ત ત્રણ કાળમાં અબાધિત છે, એનો નીતિવિભાગ પ્રેરક અને પોષક છે, એનો કથાવિભાગ અત્યંત આકર્ષણિય, અલંકારિક અને હૃદયને અસર કરનારો છે-એ સર્વ કાર્ય કરવાને માટે વ્યકિતઓને અંદરની શાંતિની જરૂર છે, કલહ કંકાસ વગરના શાંત સ્થાનની જરૂર છે; કારણ કે જયાં વીર્યવ્યય કલેશમાં થતો હોય ત્યાં બીજાં કાર્યો પર લક્ષ્ય જઈ શકતું નથી અથવા જાય તો તે કાર્ય પૂર્ણ પ્રેમથી અબાધિત રીતે બજાવી શકાતાં નથી. આપણે એક વ્યવહારૂ દાખલો લઇએ તો જણાશે કે જે કુટુંબમાં-ઘરમાં કલેશ હોય છે તેને શાંતિ મળતી નથી અને તેનો વ્યાપાર વધી શકતો નથી, તેમજ સામાન્ય ઉકિત પ્રમાણે તેના ગોળાંનાં પાણી સુકાય છે. તેજ રીતે સમાજમાં અંદરની શાંતિ ન હોય ત્યારે આપણે મહાન જવાબદારીઓને પહોંચી વળવાનો પ્રયત્ન પૂર્ણ કરી શકતા નથી એટલુંજ નહિ પણ આપણો હ્રાસ સર્વ રીતે થતો જાય છે. આવા કોમીયજીવનના મહાન પ્રશ્નોનો વિચાર કરવા આપણે બંધારણપૂર્વક મળવાની જરૂર છે, મળીને આપણા મહાન કાર્યો કરવાની યોજનાઓ વિચારવાની જરૂર છે અને યોજનાઓ ઘડી તેને અનુરૂપ અમલમાં મૂકવાનાં સાધનો ઘડવાની ખાસ આવશ્યક્તા છે. આ પ્રમાણે કરવું તે આપણા જીવન માટે ઉપયુકત છે, આપણી ફરજને અંગે અનિવાર્ય છે, આપણી પ્રગતિ માટે આવશ્યક છે.

એકવાર સમાજને એકઠા થવાની આવશ્યકતા સ્વીકારાય તો પછી સવાલ માત્ર આકારનોજ રહે છે. એવા સમાજમેળાપને કોન્ફરન્સનું નામ અપાય, સમ્મેલનનું નામ અપાય કે પરિષદ્દનું નામ અપાય અથવા અન્ય કોઇ નામ અપાય તેની સાથે અત્યારે આપણે સંબંધ નથી, પણ કોઇ પણ આકારમાં આપણા વિચારશીળ વર્ગે મળવાની જરૂર છે અને મળીને ત્યાં અનેક સવાલો પર વિચાર કરવાની જરૂર છે.

હવે જો આવા મોટા સમુદાયમાં એકઠા થવાની જરૂર સ્વીકારીએ તો બંધારણની પણ એટલીજ જરૂર છે. અવ્યવસ્થિત રીતે મળવાથી આપણને નકામી વાતો કરવામાં અથવા ઓછા અગત્યના સવાલો હાથ ધરવામાં શકિતનો વ્યય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી રાખવાની ટેવ પડે છે, પડેલી ટેવનો ઉપયોગ થાય છે. એથી કાર્ય થતું નથી, થાય છે તો ઘણુંજ અલ્પ થાય છે અને કચવાટ થવાના પ્રસંગો પણ આવે છે. અત્યારે સર્વને પોતાનો અંગત જીવનકલહ એટલો વિશેષ છે કે નકામો વખત જાય તે સહન કરી શકાતો નથી તેમજ તેમ થવા દેવું તે બીજી કોઇ રીતે ચલાવી લેવા યોગ્ય પણ નથી. આપણા જ્ઞાતિ કે મહાજનના મેળાવડા વખતે અવ્યવસ્થિતપણાને લઇને કેટલો નકામો વીર્યવ્યય થાય છે તે આપણા અનુભવનો વિષય છે. આને બદલે જો બંધારણપૂર્વક કાર્ય થાય તો ઓછી મહેનતે વધારે લાભ મળે તેવું છે. કોન્ફરન્સના નવીન બંધારણમાં ખુબી એ છે કે એનાં આટલા વરસના અનુભવનો લાભ લેવાયો છે અને કોમના વિચારશીળવર્ગે દિવસો સુધી લંબાણ ચર્ચા ચલાવી ઘડી કાઢેલ છે અને તે આપણી સ્થિતિને અનુરૂપ નથી એવી અત્યાર સુધી કોઇએ દલીલપૂર્વક ટીકા કરી હોય એમ જાણવા કે વાંચવામાં આવ્યું નથી. વળી બંધારણને અંગે બીજી ખુબી એ રહેલી છે કે એ નિરંતર ફેરફાર થઇ શકે એવી સ્થિતિનું હોય છે. જેમ જેમ અનુભવથી એમાં સુધારો કરવાની જરૂર લાગે તેમ તેમ તેમાં નવીન ફેરફાર થયાજ કરે છે અને એ રીતે પ્રગતિ થયા કરે છે. આટલા ઉપરથી વિચાર કરીને એ બંધારણને અમલમાં મૂકવાની જરૂર જણાય છે.

બંધારણ તરફ દુર્લક્ષ્ય આપવાથી આપણે કેટલાક વરસોથી જે સડાનો ભોગ થઇ પશ્ચાદ્ગતિ કરતા જઇએ છીએ, આગળ વધવાને બદલે પાછા હઠતા જઇએ છીએ, રાજ્યદ્વારી નજરે, સંખ્યાની અપેક્ષાએ, લાગવગની દૃષ્ટિએ, સાહિત્ય વિકાસની નજરે તેમજ બીજી અનેક બાબતોમાં નરમ પડતા જઇએ છીએ તેનો કાંઇ ઉપાય કરી શકતા નથી અને અત્યારે એવી સ્થિતિપર આવી પડયા છીએ કે કોમીય, સામાજિક કે ધાર્મિક પ્રશ્નોપર વિચાર કરવા બેસીએ છીએ ત્યારે હૃદયમાં કમકમાટી છુટે છે. વિચારકોની અત્યંત અલ્પતા દેખાઇ આવે છે, દષ્ટાઓની ખામી આગળ આવે છે અને કોમના ભવિષ્ય માટે કાળાં વાદળાંઓ દેખાય છે. એ અતિ ભયંકર દુર્દશાના કારણો પર આપણે હવે પછી પ્રત્યેક પ્રસંગે વિચાર કરશું અને તેના નિવારણ સંબંધે પણ વિચારો કરશું પરંતુ અત્યારે તો એજ હકીકત સિદ્ધ કરવાની રહે છે કે આપણે બંધારણપૂર્વક વિચાર કરવા બેસવાની અત્યંત જરૂર છે અને અત્યાર સુધી તે બાબતમાં કાંઇ ન કર્યું હોય અથવા અત્યંત અલ્પ કર્યું હોય તો તેનું કારણ આપણી દુર્દશાથી બહેર મારી ગયેલી વિચારણાશક્તિ જ છે. ભૂતકાળની જાહોજલાલી, વર્તમાન હ્રાસ પામતી સ્થિતિ અને ભવિષ્યના નીચા ઢોળાવ વાળી સ્થિતિપર વિચાર આવતાં હૃદય કંપી જાય છે, અત્યારના પોતાને નેતાના સ્થાનપર માનનારાઓના દુર્લક્ષ્ય તરફ ખેદ આવે છે અને તે સ્થિતિ શુદ્ધ શાશનપ્રેમી એક ક્ષણ પણ ચલાવી શકે નહિ એમ લાગી આવે છે. એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ એટલું છે કે કોઈ હકીકત વાંચતાં કે સાંભળતાં સંતોષ થાય એવી એક વાત સાંભળવી મુશ્કેલ પડે છે જ્યારે કોમના ભવિષ્ય માટે પરિણામે ખેદ કરાવે તેવા પ્રસંગો દરરોજ મોટી સંખ્યામાં સાંભળવામાં આવે છે. સામાજિક નજરે આ સ્થિતિ ચલાવી શકાય તેમ નથી, ચલાવવી એ અત્યંત અયોગ્ય છે. એકાંત અધઃપાત કરાવનાર છે અને વિચાર કરવામાં આવે તો ભવિષ્યમાં એ કઇ સ્થિતિએ પહોંચાડી આપે તે સમજી શકાય તેવું છે.

કેટલાક માણસો આવા બંધારણોને અમલમાં મૂકવામાં પ્રમાદ રાખે છે. એના આંતરસત્યને સ્વીકારવા છતાં આપણે એમાં શું કરી શકીએ એમ માની કાંઈ કરતા નથી, પણ આ વિચાર તદ્દન ભૂલ ભરેલો છે. કોમના મહાન્ યજ્ઞની વેદી ઉપર સર્વેએ થોડું થોડું બળીદાન આપવુંજ પડે, જેના જેવા સંયોગો હોય તેણે પોતાની સ્થિતિ અનુરૂપ ભોગ આપવોજ પડે, મહાન્ આચાર્યો કે સાધુઓ નેતાનું કામ કરે, દૃષ્ટાનું સ્થાન લે, વિચાર કરે; ધનવાનો ધન આપે અને બુદ્ધિ કે અનુભવ હોય તો તેનો લાભ આપે; બુદ્ધિવાનો વિચાર કરે; પ્રાકૃત લોકો કાર્ય કરે, સ્વયંસેવક બને, સેવા ઉઠાવે. પ્રસંગો આવતાં દરેક વ્યકિતને કામ કરવાનો અવકાશ છે, દરેકના કાર્યની જરૂર છે અને આખી કોમનું ઉત્થાન થવાનું કે કરવાનું હોય ત્યારે પ્રત્યેક વ્યક્તિએ પોતાનો વિભાગ ( ફાળો ) ઉત્થાનકાર્યમાં આપવો જ જોઈએ. એમાં આપણાથી શું બની શકે એમ વિચારવાનો અવકાશજ ન હોવો જોઈએ. પ્રત્યેક વ્યક્તિએ કાંઇ કાંઇ કરવું જ જોઇએ, કોઇની ભૂલ થતી હોય તો સુધારી લેવી જોઇએ, એક જમાનાએ થોડું કાર્ય કર્યું હોય તેને આગળ વધારવું જોઇએ અને એક એક વ્યક્તિના કાર્યને ઉત્તેજન આપવું જોઇએ. કોઇપણ કોમ કે દેશના વિકાસનો ઇતિહાસ તપાસીએ તો આ સર્વ બાબતો સ્પષ્ટ સત્ય જેવી જણાઈ આવે તેમ છે. જ્યાં સુધી આખી કોમની પ્રત્યેક વ્યક્તિની ભાવના '**પ્રગતિ કર્તવ્ય છે**' એમ થાય નહિ અને તેમાં પોતાનો ફાળો આપવાની જરૂરીઆત સ્વીકારાય નહિ ત્યાં સુધી આગળ વધી શકાતું નથી, વધવામાં અગવડો આવ્યા કરે છે અને સંકોચ તેમજ પાછા પડવાનું થયા કરે છે તેમજ થયેલ કાર્યની અસર નરમ પડવાના પ્રસંગો આવ્યા કરે છે. વળી પ્રગતિ કાર્યને અને સમાજને એક બીજો સંબંધ એ છે કે જેઓ એ કાર્યમાં જોડાયલા ન હોય તેઓ ટીકા કરવાનું કાર્ય હાથ ધરે છે. આમ થાય તે અત્યંત ખોટું છે. કોઇ પણ વ્યકિતને સમાજકાર્યને અંગે માત્ર ટીકા કરવાનો હક હોય એમ સ્વીકારી શકાય તેમ નથી, પ્રત્યેકે પોતાનો ફાળો પ્રગતિના કાર્યમાં આપવો જોઇએ, માત્ર ટીકા કરવાનો અધિકાર સમાજની બહાર હોય તેનેજ હોઈ શકે. દરેક કાર્યની અસર પર તુલના કરવાનો હક સર્વનો છે, પણ માત્ર ટીકા કરવી અથવા પથરા ફેંકવા એ કાર્ય તો કાયર, દંભી અથવા લાગણી વગરની વ્યકિતનુંજ યોગ્ય હોઇ શકે. કમનસીબે આપણામાં ટીકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું કાર્ય જેટલી વ્યક્તિઓ કરે છે તેટલી જો સમાજકાર્ય કરવાની પોતાની ફરજ સમજતા હોય તો પ્રગતિ માર્ગને રસ્તે આપણે ચાલી ઘણા આગળ વધી ગયા હોઇએ. કોન્ફરન્સ આપણે પોતેજ છીએ; પ્રત્યેક વ્યક્તિનાં કાર્યો એ કોન્ફરન્સનાં કાર્યો છે; પ્રત્યેક વ્યક્તિની કાર્ય કરવાની ફરજ છે, એ સર્વ બાબત સમજાય તો કોન્ફરન્સના કાર્યપર ટીકા કરવાનો પ્રસંગજ પ્રાપ્ત થતો નથી. કોન્ફરન્સ કાંઇ કરતી નથી એમ કહેવું એ પોતાને જ ઠપકો આપવા બરાબર છે. અહીં કોન્ફરન્સ શબ્દથી સર્વગ્રાહી કોઇ પણ બંધારણ સમજવાનું છે.

આ સર્વ ઉપરથી એમ જણાય છે કે બંધારણપૂર્વક આપણે કોઇ પણ આકારમાં મળવાની જરૂર છે, વિચાર કરવાની જરૂર છે, કોન્ફરન્સ દ્વારા જે અનુભવો થયા છે તેમાંથી ઘણું શીખવાનું મળે તેમ છે, સ્થિતિ વિચાર કરવા યોગ્ય છે, પ્રત્યેક વ્યક્તિએ કામ કરવાની જરૂર છે અને સેવાધર્મનો સંપૂર્ણ ખ્યાલ લક્ષ્યમાં લેવા યોગ્ય છે.

આપણા સામાજીક સવાલોની વિચારણા કોન્ફરન્સે કરી છે તેથી તેની ટીકા કરવાના હેતુથી નહિ પણ તેના અનુભવોનો લાભ લેવાના હેતુથી આ સામાજીક વિચારણામાં એ સંસ્થાની કેટલીક બાબતો વિચારી, હવે આપણે બીજા સવાલો તરફ ભવિષ્યમાં અવલોકન કરશું, તેમાં પણ વિચારક મંડળ તેમજ કોન્ફરન્સની વાતો તો અવારનવાર આવ્યાજ કરશે. આ સામાજીક સવાલોની વિચારણાનો વિષય માત્ર સામાજીક હિત તરફ લક્ષ્ય ખેંચવાના વિશુદ્ધ વિચારથી લખાય છે; તેમાં અંગત ટીકાનો ઇરાદો કે આશય નથી અને તેજ દૃષ્ટિથી તે સમજવા વાંચવામાં આવશે એટલી વિજ્ઞપ્તિ છે. મૌક્તિક.

## कर्त्तव्यमां उत्साह.

( અનુવાદક—કસ્તુરી નંદલાલ વનેચંદ—વોરાજી. )

કાર્ય કરતી વખતે ઉત્પન્ન થતા મનના ઉત્સાહમાં કોઈ પણ અતુલ અલૌકિક શક્તિ રહેલી છે. કે જે શક્તિ કર્ત્તવ્યના માર્ગમાં આવતાં વિઘ્નોના મોટા સમૂહને ક્ષણવારમાં વિખેરી નાંખે છે, નિરાશાના અંકુરને સમૂળગા છેદી નાંખે છે, કાર્ય સફળ થવાની આશાનાં કિરણો ફેંકીને આશ્વાસન આપતાં કર્ત્તવ્યસાધનના પરિશ્રમને દૂર કરી મનને શાન્તિ ઉપજાવે છે, મુશ્કેલી ભરેલાં કાર્યની પણ સત્વર સિદ્ધિ કરી આપે છે અને તેથી અનુપમ આનંદપ્રવાહ પ્રચલિત થાય છે. એટલુંજ નહિ પણ શ્રેયસ્ સાધક બીજી શક્તિઓને વિકસિત બનાવવાની સાથે બીજા મોટાં અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુશ્કેલી ભરેલાં સત્કાર્યો કરવાનું માનસિક બળ અર્પી તે તરફ પ્રયાણ કરવાની પ્રેરણા કરે છે.

કાર્યની શરૂઆતમાં, મધ્યભાગમાં અને છેવટે કાર્યના છેડા પર્યંત જો મનનો ઉત્સાહ તેવો ને તેવો કાયમ રહે છે, તેની સાથે "આ કાર્ય તો અવશ્ય હું કરીશ" આવા પ્રકારનો મજબુત માનસિક નિશ્ચય હોય છે તો પછી કાર્યની અટકાયત કરનાર આડખીલીઓ ગમે તેટલી આવે અને વિઘ્નો પણ ગમે તેવાં મજબુત આવે પણ ઉત્સાહ અને દ્રઢ નિશ્ચયની સામે તે વિઘ્નો બળહીન થઈ દીનની માફક એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે અને ઉભી થયેલી આડખીલીઓ દૂર થઈ જતાં કર્ત્તવ્ય સુખે સુખે સાધી શકાય છે.

જ્યાં સુધી કર્ત્તવ્ય બજાવવાની ઇચ્છા પ્રબળ થઈ નથી, મનમાં પણ કેટલાએક સંકલ્પ વિકલ્પો થયા કરે છે, દુર્બળતા સેવાતી હોય છે ત્યાં સુધી ચારે તરફથી વિઘ્નો આવવા માંડે છે અને પ્રબળતાથી કર્ત્તવ્ય બજાવતાં અટકાયત કરે છે; પણ જ્યારે માણસના હૃદયમંદિરમાં ઉત્સાહ અને દ્રઢ નિશ્ચય એ બે વસ્તુનું બળ પ્રદીપ્ત થાય છે. અને શિથિલતા—દુર્બળતા—મંદરૂચિ વગેરે દૂર ભાગી જાય છે ત્યારે વિઘ્નો એક ક્ષણભર ટકી શકતા નથી તો પછી કાર્યને અટકાયત કરવાની તો વાતજ શી કરવી ? અર્થાત્ માણુસ દુર્બળ બની જાય છે તો વિઘ્નો જોર કરી જાય છે પણ સબળ બને છે તો વિઘ્નો કંઇ કરી શકતા નથી.

ઉપર્યુક્ત વિષયમાં ઉત્સાહના અનુપમ સામર્થ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. સંકલ્પવૃત્તિના તરંગ રૂપી સંકલ્પને ચિત્તભૂમિકામાંથી ઉત્પન્ન થતો વિકલ્પ જો હરાવે છે તો મનુષ્ય ગમે તેવો શુશીલ, કર્ત્તવ્યને જાણનારો તથા નિર્મળ ચિત્તવૃત્તિવાળો હોય તો પણ તે કર્તવ્યમાં સ્થિર રહી શકતો નથી. સંકલ્પ જો વિકલ્પને જીતી લે છે તોજ તે શુદ્ધ ચિત્તવૃતિની સાથે રહીને કર્ત્તવ્ય બજાવવામાં ઉદ્યત થાય છે, પરંતુ એ પ્રકારના વિકલ્પોને હરાવીને ચિત્તવૃત્તિ તથા સંકલ્પશકિતનો વિજય કરાવવા માટે મનુષ્યમાં કેટલાક આંતરગુણોની આવશ્યકતા છે.

ઉત્સાહ એજ ખરૂં બળ છે. ઉત્સાહથી બીજું મોટું બળ એક પણ નથી. ઉત્સાહવાળા લોકોને કશું પણ દુર્લભ નથી. ઐહિક કર્તવ્યો બજાવવામાં ઉત્સાહ મનુષ્યને વિશેષ બળ અર્પે છે અને તેથી ઉલટું મનની નિર્બળતાથી નિરાશા પ્રાપ્ત થવાને લીધે કર્તવ્યપથમાં વિચરતો મનુષ્ય પણ પથચ્યુત થઇ જાય છે. આ પ્રમાણે જ્યારે કર્તવ્યપથમાં વિચરતાં મધ્યમાં કાંઈ આકસ્મિક વિઘ્નો આવી નડે છે ત્યારે અલ્પ સંકલ્પબળવાળાં મનુષ્યો નિરાશ થાય છે પરંતુ ઉત્સાહી માણસો એવાં વિઘ્નો ઉપસ્થિત થતાં પોતાના મનને સંબોધીને કહે છે કે 'શીઘ્ર ઉઠ, નિશ્ચિત કરેલાં કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં પ્રવૃત્ત થા, મહાજનો પોતાનાં કર્તવ્ય કર્મોમાં વખત વીતવા દેતા નથી.' આ પ્રમાણે જ્યારે ઉત્સાહ જાગ્રત થાય છે ત્યારે વિઘ્નોનાં નિર્બળ જાળાં તડાતડ તુટી જાય છે અને કર્તવ્યમાં સ્થિરતા પ્રાપ્ત થતાં આદ્ય મધ્ય અને અંત્ય એ ત્રણે સ્થિતિમાંથી સંપૂર્ણ રીતે પસાર થઇ જવાય છે.

કર્તવ્યની લાંબી ધારા કેવળ વિઘ્નો વિના પસાર થતીજ નથી. પરંતુ આ વિઘ્નો જ્યારે ઉપસ્થિત થાય ત્યારે તેની સાથે એવી રીતે વર્તવું જોઇએ કે જેથી તે વિઘ્નો કાર્યમાં ક્ષતિ નહિ નીપજાવતાં પોતાની મેળે દૂર થઈ જાય અને આપણું કાર્ય વિશેષ સ્થિરતાને પામે. મનુષ્યોપર વિઘ્નોનો એ પણ એક ઉપકાર છે કે જ્યારે તેઓ દેખાવ દે છે, ત્યારેજ મનુષ્યને પોતાના કર્ત્તવ્ય કર્મમાં સુસ્થિરતા પ્રાપ્ત કરવાને પ્રમાદ ત્યજી દઇ ઉત્સાહ ધારણ કરવાની જરૂર પડે છે.

## હિતશિક્ષાના રાસનું રહસ્ય.

( અનુસંધાન પૃષ્ટ ૫૨ થી. )

હવે શ્રાવકે પગમાં પગરખાં ( પાદરક્ષક ) કેવાં પહેરવાં ? તે સંબંધમાં કર્તા જણાવે છે કે-પગના રક્ષણ માટે પહેરવાની વાણહી-જોડા સારાં, ફાટેલા તુટેલા ન હોય તેવાં પહેરવાં. આંચ તુટેલા, વાધરી વિનાના, ખરા ઉંદરડા કરડી ગયા હોય તેવા, તળીયાં તરડી ગયેલા, પહેરતાં પગમાં ખટકે-ડંખે તેવા, પગ વિંધાય તેવા, ચાલતાં ધૂળ ઉડે તેવાં ન પહેરવાં, કારણ કે એ દરિદ્રતાની નીશાની છે. કુરૂપે પગને ઉલટી હાનિ કરે તેવાં પગરખાં ન પહેરવાં. અજાના ચર્મની બનાવેલી, પગના પ્રમાણવાળી અને સુંહાળી મોજડી પહેરવી. ધારવાળી કે જેની નીચે ખીલીઓ અથવા નાળ વિગેરે જડ્યા હોય તેવી અનેક જીવોનો નાશ કરનારી ન પહેરવી. પગની રક્ષા થવા સાથે જીવોની પણ રક્ષા થાય-નિરર્થક અનેક જીવોનો વિનાશ ન થાય એ વાત ધ્યાનમાં રાખવી. પાદરક્ષક પહેરવાનો હેતુ પગને કોઈ પ્રકારની હાનિ ન થાય અથવા પાદરોગ ન થાય, આંખને પણ હિત કરે તે છે. તેથી તે હેતુ જાળવવાનું ધ્યાનમાં રાખવું.

અન્ન, પાણી, ફળ, ફુલ ને વાણહી-પરના ફરશેલાં, એંટેલાં, વાપરેલાં, પહેરેલાં ન વાપરવાં. આ હિતશિક્ષા સમજુ ગૃહસ્થ માટે છે, શ્રમણ ( સાધુ ) ને માટે નથી અને મૂર્ખને તો તેમાંથી બાદજ રાખેલા છે. મૂર્ખપણું ટળવાનું સાધન પંડિતનો સહવાસ-પ્રસંગ-મિત્રતા છે, તે મૂર્ખને હોતી નથી; તેના મિત્રો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવાજ હોય છે, એટલે આગમના કથનને કે નીતિશાસ્ત્રના ઉપદેશને તે જાણી-સમજી શકતો નથી તેથી મૂર્ખજ રહે છે.

હવે ઉત્તમ પુરૂષે છત્રી રાખવી. તે જળથી અને તાપથી રક્ષા કરે છે અને શોભા પણ આપે છે. છત્રી કેવી રાખવી તે દ્રવ્ય ક્ષેત્ર કાળાનુસાર સ્વયમેવ સમજી લેવાનું છે.

સજ્જન પુરૂષોએ હાથમાં દંડ રાખવો-લાકડી રાખવી-તે પણ જરૂરની હકીકત છે, દંડ તે બીજો મિત્ર છે. શ્રમને દૂર કરનાર છે, ભયને વારનાર છે, ચાલતાં મદદ આપનાર છે.

હવે દંડ અથવા લાકડી કેવી રાખવી તે કહે છે-દંડ વાંકો ન જોઇએ, પહોળો પણ ન જોઇએ, શળેલો, ખંડિત થયેલો કે બળેલો ન જોઇએ. એવો દંડ તો હાથમાં જ ન રાખવો. વળી જે દંડ અથવા લાકડી શરીરનો ભાર ન ખમે, ટેકો ન આપે તે રાખવી નકામી છે. આ દંડ રાખવાનું કથન માત્ર શોભા માટે નથી પરંતુ અનેક પ્રકારના ઉપયોગ માટે છે.

દંડ પ્રાયે વાંસના હોય છે, તેમાં ગાંઠો હોય છે, તેના સંબંધમાં કહ્યું છે કે એક ગાંઠવાળી લાકડી શ્રેષ્ટ છે, બે ગાંઠવાળી વેઢ (દુઃખ) આપે છે, ત્રણ ગાંઠવાળી લાભ આપે છે, ચાર ગાંઠવાળી શરણે રાખે છે-શરણભૂત થાય છે, પાંચ ગાંઠવાળી ભય હરે છે. છ ગાંઠવાળી ભય ઉત્પન્ન કરે છે, સાત ગાંઠવાળી રોગનો પરિહાર કરે છે, આઠ ગાંઠવાળી દ્રવ્ય આપે છે, નવ ગાંઠવાળી યશ વધારે છે, દશ ગાંઠવાળી કાર્ય સિદ્ધ કરે છે અને અગ્યાર ગાંઠવાળી રાજ્ય આપે છે. આ પ્રકાર નિમિત્ત કારણ તરીકે સમજવો. ચાર આંગળ જેટલી પ્રથમ મૂકીને પછીની કાપેલી, આઠ આંગળ ઉપર વૃદ્ધિવાળી તેમજ વનમાંજ સુકાયેલી લાકડી સારી ગણાય છે.

આવી લાકડી અથવા દંડ લઇને રાજા રાજભુવનમાં જાય, મંત્રીશ્વર માંડવીએ જાય, વેપારી દુકાને જાય અને દ્રવ્ય સંચયના ઉપાય ચિંતવે, વણિકપુત્ર વખારે જઇને વ્યાપાર કરે, કેટલાક દુકાનપર વ્યાપાર કરે, પણ તેમાં વ્યવહારશુદ્ધિ બરાબર જાળવે. જે રાજા અકર[1] ન લે અથવા અન્યાય ન કરે-રાજભવનમાં બેસીને ન્યાય કરે તે રાજા ઘણી ઋદ્ધિ મેળવે અને સર્વત્ર યશ પામે. રાજા રાજસભામાં બેસીને પક્ષપાત રહિત મધ્યસ્થપણાથી ન્યાય ચૂકવે, ધર્મ વિરૂદ્ધ કદી પણ ન કરે. દરિદ્રી હોય કે મોટો શ્રીમંત હોય તેનાપર સમાન દષ્ટિ રાખે. અને સરખો ન્યાય આપે આ સંબંધમાં એક કથા છે તે આ પ્રમાણે:—

---

૧ ન લેવાં યોગ્ય કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ફુટ નોંધ અને ચર્ચા.

અશાડ શુદિ ૧૪ ગઇ છે. વર્ષા ચતુર્માસ શરૂ થયાં છે. આગલા કાળનો વિચાર કરીએ તો શ્રી કૃષ્ણ વાસુદેવ જેવા મહાન્ રાજાઓ–અર્ધચક્રી પણ આ સમયમાં સ્થાન છોડી બહાર જતા નહોતા, આ સમય તેવી શાંતિ ભોગવી શકીએ તેવો તો નહીંજ. પૂર્વ કાળમાં જૈન ધર્મી અને અન્ય ધર્મી પણ ઘણાં ગૃહસ્થો, સાધુઓ અને મહારાજાઓ ચોમાસાના કાળમાં પ્રવૃત્તિ ઓછી કરતા હતા, નિવૃત્તિ સેવતા હતા. ચોમાસાનો શાંતિનો વખત ધર્મારાધન માટે–આત્મિક વિચારણા માટે પૂર્વ કાળથી નિર્ણીત કરવામાં આવ્યો છે. દોડાદોડીના–ધમાધમના–પ્રવૃત્તિપરાયણતાના આ સમયમાં તેવી શાંતિ–સ્થૈર્યભાવ ગૃહસ્થો સાચવી શકે તેવો સંભવ ઓછો છે; પણ સંસારની અનિત્યતા સમજનાર–લક્ષ્મીને વીજળીના ચમકારા જેવી નાશવતી સમજનાર સજ્જનોએ આવો ઉત્તમ શાંતિનો સમય પ્રાપ્ત થતાં જેટલી બની શકે તેટલી નિવૃત્તિ સેવવી–ધર્મારાધનમાં વિશેષ તત્પર થવું, મનુષ્ય તરફની ફરજ મનુષ્યોના કરવામાં ઉદ્યુક્ત થવું તે કર્તવ્ય છે. આ આખું વરસ કેવી બારીકીનું પસાર થયું છે તે વિચારવા જેવું છે. સાથે રહેનારા–સાથે ફરનારા ઘણા મનુષ્યોનો ઇન્ફ્લુએન્ઝાએ ભોગ લીધો છે તે દુષ્ટ વ્યાધિએ હિંદુસ્તાનમાં એંશી લાખ મનુષ્યોનો ભોગ લીધો છે, તેવો રીપોર્ટ બહાર પડ્યો છે. વળી મહા દુર્ભિક્ષ તથા મોંઘવારીનો સમય પણ પસાર થયો છે તેવા સમયમાં આયુષ્યના દીર્ઘપણાથી આ સંસારમાં જીવિતવ્ય ધારણ કરવાનો સમય જેમને પ્રાપ્ત થયેલ છે તેઓએ બાકીના સમયનો સદુપયોગ કરવો તે ફરજ છે. ચોમાસામાં ધર્મારાધન વિશેષે કરવું, આત્મિક પ્રગતિ વિશેષ થાય તેવા પ્રયત્ન કરવા, મનુષ્યત્વ સાર્થક થાય તેવા કાર્યો કરવાં–તે ભાવી શાશ્વત સુખ ઇચ્છનારની ફરજ છે. ધર્મારાધન વગર કોઇ પણ મનુષ્ય શ્રેય થવાનું ધારતો હોય તો તે ભૂલે છે–આડે રસ્તે અથડાય છે–ભ્રમણામાં ભટકે છે. ધર્મ–ફરજ–સેવા તેજ જીંદગીનો લ્હાવો–મનુષ્યજન્મનું સાર્થક્ય છે માટે વિચારીને યોગ્ય પ્રવૃત્તિ કરવી, પ્રાપ્ત સમયનો સદુપયોગ કરવો, ચોમાસા જેવો નિવૃત્તિનો કાળ શાંતિથી આત્મિક ઉન્નતિની પ્રાપ્તિમાં પસાર કરવો તેજ સુજ્ઞનું–મુમુક્ષુનું કર્ત્તવ્ય છે.

* * જ * *

પૂર્વપુરૂષોએ આવા ચાતુર્માસના શાંતિવાળા–નિવૃત્તિ આપી શકે તેવા કાળમાં પર્વોની યોજના કરી છે. હિંદુ ધર્માનુયાયી દરેક જ્ઞાતિના તહેવારો ચાતુર્માસમાં આવે છે. આપણા જૈનોના પણ પરમ પવિત્ર પર્વાધિરાજ પર્યુષણ આ ચાતુર્માસના મધ્ય સમયમાં આવે છે. જ્યારે વરસાદ વરસી રહ્યા હોય છે, સર્વત્ર લીલી હરિયાળી જમીન થઇ હોય છે, સર્વ મનુષ્યો વ્યાપારાદિકથી નિવૃત્ત થયા હોય છે, સર્વત્ર શાંતિ ફેલાયેલી હોય છે તેવા આખા વરસનાં સુંદર સમયમાં આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્વ આવે છે. યથાશકિત પર્વારાધન કરવા માટે જ્યારે મનમાં સ્ખલના અનુભવાતી નથી તેવા શાંત સમયમાં આ પર્વની યોજના કરી પ્રાચ્યપુરૂષોએ આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે. તે પર્વ સર્વ પર્વોમાં શ્રેષ્ઠ છે. તે પર્વને માટે એક કવિ મુનીશ્વર સત્ય કહે છે કે:—" ચોપગા પ્રાણીઓમાં જેમ કેશરીસિંહ. સર્વ પક્ષીઓમાં જેમ ગરૂડ, સર્વ નદીઓમાં જેમ ગંગા, સર્વ પર્વતોમાં જેમ મેરૂ, સર્વ રાજાઓમાં જેમ ભરતેશ્વર, સર્વ દેવોમાં જેમ સુરેંદ્ર, સર્વ તીર્થોમાં જેમ શત્રુંજય, અને સર્વ ગ્રહ–નક્ષત્ર સમુદાયમાં જેમ ચંદ્રમા શ્રેષ્ટ છે તેમ સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ શ્રેષ્ઠ છે. " આવા સુંદર પર્વો આત્મિક પ્રગતિ માટે–આરાધન માટે યોજવામાં આવ્યા છે. આવો સુંદર સુયોગ પ્રાપ્ત થયો હોય, તે આરાધવાની શકિત હોય, છતાં પણ પ્રમાદમાં તે સમય ગુમાવવો તે મૂર્ખતા છે, પ્રાપ્ત સામગ્રીના સદુપયોગના જ્ઞાનનો અભાવજ તે સૂચવે છે. આવી રીતે આરાધન નહિ કરનાર તો મૂર્ખજ છે, તો પછી નકામા ગપાટા મારવામાં, કળહ કરવામાં, ગંજીપા કે ચોપાટ કે જુગટું રમવામાં, પરનિંદા કરવામાં, વૈમનસ્ય કરવામાં, ખટપટ ઉભી કરવામાં કે તેવાજ બીજા આત્માની અધોગતિ કરાવનારા કાર્યોમાં આ ઉત્તમ પર્વોનો દુર્વ્યય કરવો તે તો વિશેષતર મૂર્ખાઈ જ છે તે સ્પષ્ટ છે. કેટલેક સ્થળે સંઘનાં, જ્ઞાતિનાં કે દેરાસરોનાં વહિવટની બાબતોનો વિચાર કરવા માટે આ સમય નિશ્ચિત થયેલો હોય છે. સલાહ–શાંતિથી આવાં કાર્યો થતાં હોય તો તો તે બાબતમાં કાંઇ કહેવાપણું રહેતું જ નથી; પણ જો તેવાં કાર્યોથી વૈર વિરોધ વધતો હોય, કળહ થતો હોય, ખટપટ જાગતી હોય તો તેવાં કાર્યો અન્ય સમય માટે મુલતવી રાખવા તેજ બહેતર છે. આવી રીતે નહિ કરતાં નકામો કલેશ કે ખટપટ આવા સમયમાં જો ઉદીરે તો તેવી ઉદીરણા કરનાર અને તેવી ઉદીરણા કરવાનો પ્રસંગ પ્રાપ્ત કરી આપનાર બંને દોષભાગી થાય છે. આગેવાન કાર્યકર્તાઓએ આ બાબત લક્ષમાં રાખવા જેવી છે. પોતે પર્વારાધન કરવું, બને તેવો તેનો લાભ લઇ આત્મહિત વધારવા પ્રયત્ન કરવો, તેવા રસ્તાનું અનુકરણ કરવું તે દરેક સુજ્ઞની–જૈન અનુયાયીની ફરજ છે. આવી ફરજમાં જેમ વધારે આગળ વધાશે તેમ આત્મહિત વિશેષે થશે, મનોભાવ ઉજ્વળ થશે અને અંતિમ સાધ્ય ( મોક્ષ ) તરફ અનુસરણ થશે.

* * * *

આ ઉત્તમ પર્વની આરાધના નિમિત્તે શાસ્ત્રકારોએ જુદા જુદા સાધનો દેખાડ્યા છે. તે દરેક સાધનો વિચારવા જેવા–ઉહાપોહ કરવા લાયક છે. તે તે સાધનો આત્મોન્નતિ કરનાર છે, સત્ય રસ્તે દોરનાર છે. એવા ઉત્તમ સાધનો તરફ હાસ્યવિનોદાત્મક રીતે અગર મશ્કરી રૂપે જોવું તે એક જાતની હલકાઇ છે. આવા સાધનો સાધવાને બદલે પોતાની શિથિળ વૃત્તિઓને દેખાડવા માથેરાનની મોજ-

For Private And Personal Use Only

શોખ[1] સાથે તે સાધનોને સરખાવવા તે ધૃષ્ટતા છે; આવી રીતના લેખો લખનારાની ધર્મ–પ્રવૃત્તિમાં શિથિળતા સ્પષ્ટ દેખાય છે, પણ તેવા લેખો લખી જડવાદના આ જમાનામાં શો ફાયદો થવાનો છે તેની પણ અમને તો ખબર પડતી નથી. પોતાના લેખોથી અન્ય વાંચકો ઉન્માર્ગગામી તો નજ થાય તેટલું ભવભીરૂ મનુષ્યો સમજે છે, વિચારે છે અને તદનુસારજ પ્રવૃત્તિ કરે છે. સ્વયં શિથિળતા પ્રાપ્ત કરી અન્યને તેવે રસ્તે દોરનાર પોતાની ભાવી સ્થિતિ–ગત્યંતરનો વિચાર કરતા હોય તો તો આવી પ્રવૃત્તિથી તેઓ પાછા હઠેજ. બાકી ધર્મની લેશ્યા વગરના અને કોમની ઉન્નતિ કરવાનો ફાંકો રાખતા સ્વચ્છંદી લેખકો કોમને સન્માર્ગે દોરી શકતા નથી, તેવો અમારો આધીન મત છે. આ ઉત્તમ પર્વાધિરાજની સાધના માટે નવ સાધનો શાસ્ત્રકારે દર્શાવ્યા છે. આ ચાલતા માસમાંજ પર્યુષણ પર્વ આવનારા હોવાથી ટુંકાણમાં તે સાધનોની વિચારણા ઉપયોગી થઇ પડશે. આ પર્વની આરાધનાના સાધનોમાં (૧) બંને વખત પ્રતિક્રમણ, (૨) બ્રહ્મચર્ય પાલન, (૩) અમારીપટહ ઉદ્‌ઘોષણા, (૪) સર્વ જિનમંદિરનાં દર્શન, (૫) જિનેશ્વરની પુજા, (૬) મહાવીર ચરિત્ર–કલ્પસૂત્રનું સાધંત શ્રવણ, (૭) બાર પ્રકારમાંથી બને તેટલા પ્રકારે તપ–બને તો એક અઠ્ઠમ, (૮) સંવત્સરી ક્ષમાપના અને (૯) સ્વામીવાત્સલ્ય ગણાવેલા છે.

*　*　*　*　*

આ નવે બાબતો વિચારવા જેવી છે–અમલમાં મૂકવા જેવી છે–આદરવા જેવી છે. પ્રતિક્રમણ તે આત્મનિરીક્ષણ છે. રાત્રિદિવસમાં ધાર્મિક કૃત્યોમાં, વ્યવહારમાં, દિનચર્યામાં જે કાંઇ સ્ખલના થઇ હોય તેનો વિચાર કરવો, આત્મસાક્ષીએ તે નિંદવા અને ફરીવાર તેવાં કૃત્યો નહિ કરવાનો મનમાં નિર્ણય કરવો તે પ્રતિક્રમણ છે. આ ક્રિયા હમેશાં વિચારીને–સમજીને કરવાથી આત્મા અધોગતિએ ઉતરતો નથી, વ્યવહારમાં અને પારલૌકિક ઉન્નતિમાં તે ઉંચે ચડે છે. જેનાથી પ્રમાદવડે કે નવરાશના અભાવે આવી ઉત્તમ કરણી હમેશાં ન બની શકે તેઓએ બનતા સુધી ચોમાસાના ચારે મહિનામાં, અને તેમ ન બને તો છેવટ પર્યુષણના આઠ દિવસમાં તો અવશ્ય તે ક્રિયા કરવી. તે ક્રિયાનું રહસ્ય–તેનો અર્થ–તેનો ગુઢ મર્મ સમજીને કરવાથી આ ક્રિયા બહુ ફાયદો કરનારી થાય છે. જીંદગીની દોડાદોડ–ધમાધમમાં આ જીવ તેટલો વખત શાંતિથી બેસે–આત્મધ્યાનમાં મગ્ન થાય તે પણ બહુ માનવા જેવું છે. ટુંકાણમાં અવશ્ય આદરવા લાયક આ ક્રિયા પર્યુષણમાં બંને વખત જરૂર કરવી. તે ક્રિયા કરતાં–સમજીને–વિચારીને તે ક્રિયા આદરતાં જે આનંદ–જે આત્મસંતોષ થાય છે તે તે ક્રિયા કરનારજ સમજી શકે તેમ છે.

*　*　*　*　*

---

૧ જુઓ હિન્દુસ્તાન હેરલ્ડ–પુ. ૧૯. પૃષ્ઠ ૩૫૦ પર આપેલો હાસ્યકારક લેખ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર શક્તિ વધારનાર, આત્મોન્નતિ કરનાર, માનસિક શકિત વિકસાવનાર બ્રહ્મચર્ય જેટલો વખત—જેટલા દિવસ પળાય તેટલું ઉત્તમ છે, બ્રહ્મચર્યના ગુણો પ્રસિદ્ધ છે. બીજા અવસરે મોહદશામાં લીનતાને લીધે ન પાળી શકાય તો પણ પર્યુષણના આઠ દિવસમાં તો અવશ્ય સ્ત્રી—પુરૂષ ઉભયે બ્રહ્મચર્ય પાળવું, મન—વચન—કાયાની વિશુદ્ધિથી આઠ દિવસ સુધી પણ તે પાળતાં ઉચ્ચ દશાની વાનકી અનુભવાય છે, ક્રમે ક્રમે ઉત્તમ નીસરણીએ ચઢવાનો આ પાયો છે અને આ ભવ પરભવ બંનેમાં હિતાવહ છે. તેથી આઠ દિવસ તો શુદ્ધ ભાવથી બ્રહ્મચર્ય અવશ્ય પાળવું.

* * * * *

ગુણીના ગુણ ગાતાં, વીરની પૂજા કરતાં તેવા ગુણો પ્રાપ્ત થઈ શકે છે. તેથીજ દિવસમાં સવાર—સાંજ દેવદર્શન અને પ્રભુપૂજા અવશ્ય કરવાનું શાસ્ત્રકારો ફરમાવે છે. આ કાર્ય તો હમેશા બની શકે તેવું છે. પર્યુષણ પર્વમાં આ કાર્ય વિશેષે ભાવથી—વિશેષ સાધનો મેળવીને શાંતિથી કરવું તે અત્રે કહેવાનો તાત્પર્ય છે. પ્રભુપૂજામાં શાંતિ રાખવી, ' લે દેવ ચોખા ને મૂક મારો છેડો ' તેવી ટેવ પડતી મૂકવી, શાંતિથી—ધીરજથી સ્વ ઉપકરણો વડે પૂજા કરવી તેજ સમજવાનું છે. વળી દ્રવ્યપૂજા સાથે વિશેષ ઉન્નતિ કરનાર, ભાવની વૃદ્ધિ કરાવનાર ભાવપૂજા અવશ્ય કરવી—સ્થિર ચિત્તે કરવી. દરેક ક્રિયા શાંતિથી—ધીરજથી કરતાં તેનું ઇપ્સિત ફળ મળી શકે છે. દ્રવ્યપૂજા તે ભાવપૂજાના નિમિત્તભૂત છે. ભાવપૂજાની વૃદ્ધિ માટે છે. દ્રવ્યપૂજામાંજ વિશેષ સમય ગાળી ભાવપૂજા શિઘ્રતાથી પતાવી દેવી, અગર કરવીજ નહિ તે અયુકત છે. કાર્યની સાધના માટે કારણનો આદર કરી કાર્યને પરતું મૂકવા જેવું છે. ભાવપૂજા વખતે મનની પણ કસોટી કરવી. તે કેવું સ્થિર રહી શકે છે, કેટલે સ્થળે ભટકે છે, કેવા કેવા વિચારો તે કરે છે તેનો પણ સાથે ખ્યાલ કરવાથી શરીરની—વાચાની ક્રિયા કઈ ચાલે છે અને મન શું કાર્ય કરે છે તેનો અનુભવ થાય છે. મનની એકતા વગર ગોઢેથી બોલાતાં સ્તવનાદિ બહુ સ્વલ્પ ફળ આપે છે. આવી બાબતોનો વિચાર કરી પરોપકારી પૂર્વપુરૂષો જે જે ઉત્તમ સાધનાઓ હમેશને માટે કરવાની બતાવી ગયા હોય તે તે બાબતો પર્યુષણ જેવા દિવસોમાં તો અવશ્ય સેવવી—આદરવી, ધીરજથી—ખંતથી તે અમલમાં મૂકવી તે દરેક સુજ્ઞનું કર્તવ્ય છે. તેની ઉપર જ ભાવી ઉન્નતિનો આધાર છે.

* * * * *

જીવદયા પળાવવી તે પણ એક પર્યુષણનાં મુખ્ય કર્તવ્યોમાંહેનું કર્તવ્ય છે. આ જીવદયા નિમિત્તે ઘણે સ્થળે કસાઈખાનેથી જાનવરો છોડાવવામાં આવે છે, માછીમારોને આઠ દિવસ સુધી કબજામાં રાખી માછલીઓ મારતાં બંધ રાખવામાં

For Private And Personal Use Only

આવે છે, વળી આરંભનાં સાધનો બંધ રખાવી અણોજા પળાવવામાં આવે છે. આ અને તેવાંજ જીવદયાનાં અન્ય કર્તવ્યો ઉપયોગી અને આદરણીય છે. ઘણા જીવોનો બચાવ તેનાથી થઇ શકે છે. ' આવા પ્રયત્નોમાં કસાઇ અગર માછીમારોને એટલા બધા પૈસા મળે છે કે પછીથી તેઓ નવા હથિયારો કરાવી હિંસાના કાર્યમાં વિશેષ ઉત્કટ થાય છે ' આવી તે કાર્ય માટે સતત્ ફરિયાદ ઘણાઓ તરફથી થાય છે પરંતુ તે બરાબર નથી. છતાં પણ જો તેવા જીવહિંસાના કાર્ય કરનારાઓ તેવા રસ્તાઓજ સદંતર છોડી દે તેવી રીતના પ્રયત્નો તે બાબતમાં થાય તો તે વિશેષ હિતકર છે. તેવા કસાઇ અગર માછીમારોથી વસાયેલા મહોલાઓમાં કેળવણીનાં સાધનો ફેલાવવામાં આવે, તેમના બાળકોને સમજણ આપવામાં આવે, તેમનો સુખે નિર્વાહ થાય તેવાં અન્ય સાધનો યોજી દેવામાં આવે તો ભવિષ્યમાં તે કોમ હમેશને માટે તેવા રસ્તાઓથી પાછી હઠી શકવા સંભવ છે. આને માટે સતત્ પ્રયત્નની જરૂર છે, આંબાના વૃક્ષની જેમ લાંબે કાળે તેના ફળ ભોગવી શકાય તેમ છે. એવી હિંસા ચાલુ બંધ કરવાનો બીજો કોઇ ઉપાય અમારી દષ્ટિમાં આવતો નથી. બાકી ભવિષ્યનો વિચાર નહિ કરતાં એક એક માછીમાર એક ટોપલામાં જે અસંખ્ય જીવોની હાનિ કરે છે તેને અમુક સમય માટે અટકાવવા–તે જીવોને અભયદાન આપવું તે તો શ્રાવકનું કર્તવ્યજ છે.

* * * * *

પર્યુષણના અન્ય કર્તવ્યોમાં કલ્પસૂત્રશ્રવણ–મહાવીરચરિત્રશ્રવણ તે પણ મુખ્ય છે. આસન્નોપકારી મહાવીર પ્રભુના ચરિત્રશ્રવણથી તેના જેવા થવાની ભાવના ઉત્પન્ન થાય છે. તેમણે જે ઉચ્ચ સદ્‌ગુણો પોતાના જીવનમાં દર્શાવ્યા છે તે પોતામાં પ્રગટાવવાની ઇચ્છા થાય છે. તેમના પદાનુસરણની આકાંક્ષા ઉદ્‌ભવે છે. મહાવીરના પ્રગટ ગુણોનું વર્ણન અત્રે કરવું તે અશક્ય છે. કલ્પસૂત્રમાં વાક્યે વાક્યે–સ્થળે સ્થળે તેની પ્રતીતી થાય છે, તેથીજ કલ્પસૂત્ર એકવીશ વખત સતત્ સાંભળનારને આત્મસિદ્ધિ કહેલી છે. આવી રીતે સતત્ શ્રવણ કરતાં ધીમે ધીમે અવશ્ય તે ગુણોનો સ્વમાં આવિર્ભાવ થાય છે, આત્મા ઉચ્ચ પદે આરોહે છે, અને અંતિમ સાધ્ય તરફ લક્ષ્ય બંધાય છે. મહાવીરના પરિસહની વાતો સાંભળી કર્મવિપાકના ઉદયથી તીર્થંકરોને પણ કેટલું દુઃખ સહન કરવું પડે છે તેનો ખ્યાલ આવતાં અશુભ કર્મથી બીની થાય છે તેવાં તીવ્ર વિપાકોદય કરનાર કર્મો નહિ બાંધવા મન પ્રેરાય છે અને તે વખતે તો તેવો નિશ્ચય પણ થાય છે. મહાવીર ચરિત્રનું શ્રવણ ઉપયોગી, બોધપ્રદ, આત્મોન્નતિ કરનાર છે અને આ ભવ–પરભવ બન્નેમાં ઉપયોગી હોવાથી પર્યુષણના આવશ્યકીય કાર્યમાં તેની ગણના છે.

* * * * *

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પસૂત્રમાં નાગકેતુની કથા કહીને પર્યુષણમાં અઠ્ઠમનો તપ કરવાની સૂચના દરેક સજ્જનને કરવામાં આવી છે. અને તેણે સતત્ ત્રણ ઉપવાસ કરીને અને ન બને તો છેવટ ત્રણ છુટા છુટા ઉપવાસ કરીને એ તપ પૂર્ણ કરવાની સૂચના શાસ્ત્રકાર કરે છે. તેથી એટલી તપસ્યા તો અવશ્ય કરવી. આ પર્વમાં તે કરતાં પણ વધારે તપસ્યાઓ કરવામાં આવે છે. માસ-દોઢ માસ-બે માસ પર્યંતના ઉપવાસ કરવામાં આવે છે. મન પરિણામ કલેશાય નહિ, મનમાં આર્ત્તધ્યાન થાય નહિ, મનમાં સંકલેશ થાય નહિ અને શરીરના યોગો હીણા પડી જાય નહી તેવી રીતે યથાશકિત તપસ્યા કરવાની છે. તપસ્યામાં ક્રોધ થાય, માન થાય કે બીજી કોઇ અપેક્ષાથી તપસ્યા થાય તો તે તપસ્યા અલ્પ ફળદાયી થાય છે. વળી કર્મનિર્જરા નિમિત્તે કરવાની તપસ્યાના બાર ભેદ શાસ્ત્રકારે વર્ણવ્યા છે. તે દરેક ભેદ આદરવા લાયક છે. તેના બાહ્ય અને અભ્યંતર વિભાગ સમજવા લાયક છે. બાહ્ય ભેદોમાં (૧) અનશન, (૨) ઉણોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયકલેશ અને (૬) સંલિનતા કહેલ છે; અભ્યંતર ભેદોમાં (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪) સઝાય, (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ વર્ણવેલ છે. તે દરેક પ્રકાર સમજવા જેવા છે. આ બારે પ્રકારના તપમાંથી જે જે પ્રકારો બની શકે તે તે આદરવાનો-વિશેષ અનુભવવાનો પર્યુષણમાં અવશ્ય નિર્ણય કરવો. જીંદગીમાં કવચિત્ મળતી આ ઉત્તમ તકનો જેમ બને તેમ વધારે લાભ લેવો.

* * * * *

જૈન ધર્મની મહત્વતા-જૈન ધર્માનુયાયીની માનસિક વિશાળતા આઠમો આવશ્યક નિયમ દેખાડે છે. 'સહેવું અને ખમવું' (Bear & forbear) નો નિયમ આચરનાર સર્વત્ર પૂજ્ય થઈ શકે છે. આખા વરસમાં જે કોઇની સાથે વૈર, વિરોધ, કલેશ થયાં હોય તેને શુદ્ધ ભાવથી ખમાવવા તે પરમ કર્ત્તવ્ય છે. સર્વ ઉપર મૈત્રી ભાવ રાખવો-વૈરવિરોધનો હમેશને માટે ત્યાગ કરવો તે આદરણીય સદ્ગુણ છે. પાછલી બાબતો બધી ભુલી જવી, જે કાંઇ પણ મનદુ:ખનું કારણ થયું હોય તેને ભૂલી જઇ સર્વ સ્વધર્મીભાઈઓને બંધુ તુલ્ય લેખવવા-સર્વની ઉપર મિત્રભાવ ધારણ કરવો તેમાં મનની કેટલી વિશાળતા-મહત્વતાનો સમાવેશ થાય છે તેનો ખ્યાલ કરનારજ તે સમજી શકે છે. શાસ્ત્રકાર તો કહે છે કે આવી રીતે પરસ્પર ખમાવી આખા વરસના દુષ્કૃત્યો માટે મિથ્યા દુષ્કૃત આપી જે કલેશ-કંકાસ ભૂલી જાય છે, તેજ ખરો આરાધક છે. આવી રીતે પરસ્પર ખમાવતાં-વૈર વિરોધ સમાવતાં વ્યવહારમાં પણ કેટલી સરલતા થાય છે તે વિચારવા જેવું છે. જૈનશાસ્ત્રકારોએ દર્શાવેલ ખમત ખામણાનો આ માર્ગ પરસ્પરના વ્યવહાર સરલ કરનાર અને આલોક-પરલોકને સુધારનાર છે. અવશ્ય આદરવા લાયક છે. શાસ્ત્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોના હૃદયની વિશાળતા–કાર્યદક્ષતાની તેમાં ખરી ખુબી દેખાય છે. પર્યુષણ પર્વ નિમિત્તે જણાવેલી આ બધી બાબતો હમેશાં યથાશક્તિ આચરવા લાયક ને અમલમાં મૂકવા લાયક છે, આત્મોન્નતિ સાથે શરીર સુખાકારીનાં–સંસાર વ્યવહારનાં ઘણાં કાર્યો તેનાથી સાધી શકાય છે.

* * * * *

પર્યુષણ નિમિત્તનો નવમો અને છેલ્લો આરાધનાનો ઉપાય સ્વામીવાત્સલ્ય છે. આ સાધન સંબંધી સહજજ પ્રશ્ન થશે કે દરેક માણસ સ્વામીવાત્સલ્ય કેવી રીતે કરી શકે ? હાલમાં સ્વામીવાત્સલ્ય એટલે બધા સ્વામીભાઈઓને જમાડવા તેવો અર્થ કરવામાં આવે છે. વરસમાં એક વખત બધા ભાઈઓ એકઠા મળીને જમે તે પણ ઉત્તમ છે; પણ સાથે જમાનાની જરૂરીઆત વિચારવા જેવી છે. ઘણા નિરાશ્રીતો વિના ઉદ્યમે રખડ્યા કરે છે, ઘણા યુવાનો કેળવણી રહિત રખડે છે, તેવા સમયમાં નિરાશ્રીતને ઉદ્યમે ચઢાવવા, બીન કેળવાયેલાને કેળવણી આપવી તે ખરૂં સ્વામીવાત્સલ્ય છે. એકાદ નિરૂદ્યમીને પણ આખા વરસમાં ઉદ્યોગે ચઢાવીએ, એકાદ બીનકેળવાયેલાને કેળવણી લેવામાં સહાય કરીએ, એકાદ ભુખ્યા સ્વામીભાઈને પ્રીતિથી જમાડી તેને સત્ય પંથે દોરીએ, યથાશક્તિ જેટલું બને તેટલું કાર્ય સ્વામીવાત્સલ્યના નિમિત્તે કરીએ તે સાચું સ્વામીવાત્સલ્ય છે. ‘ છોકરાં સારાં સ્વામીવાત્સલ્ય ’ ની સ્વાર્થી ટેવ પડતી મૂકી “ સ્વામીભાઈ તે મારા બંધુભાઈ ” અને “ જૈન કોમનાં બાળકો તે મારા પુત્રો ” આવી ઉદાર ભાવના રાખી પર્યુષણ પ્રસંગમાં અન્ય નિમિત્તે ધનવ્યય સાથે આવું જમાનાને ઉપયોગી અને ખાસ આદરવા લાયક સ્વામીવાત્સલ્ય થાય–શકિતવાન્ દરેક મનુષ્ય–દરેક જૈન પ્રતિવર્ષ પર્યુષણના પ્રસંગમાં એક બે જૈન અને એક બે જૈનબાળકનો પણ આવી રીતે ઉદ્ધાર કરે–તેમનું વાત્સલ્ય કરે તો ખરા સ્વામીવાત્સલ્યની ભાવના પાર પડશે, જૈન કોમનો સત્વર ઉદય થશે અને અન્યને અનુકરણ કરવા લાયક જૈનોનું વર્તન થશે.

* * * * *

પર્યુષણ પર્વ નજીક આવે છે. તેનાં કર્તવ્યો–તે સમયમાં ઉપયોગી બાબતો તરફ લક્ષ ખેંચવાની અમારી ફરજ સમજી બહુ સ્વલ્પ અક્ષરોમાં પર્યુષણના કર્તવ્યો આ સ્ફુટ નોંધમાં દર્શાવવામાં આવ્યા છે. જૈન ભાઈઓ અને બ્હેનો તેમના તરફથી કરાતી ક્રિયાનું વિશેષ રહસ્ય સમજી વધારે અને વધારે ક્રિયાનિષ્ઠ થશે અને કોમના ઉદયની વિચારણા હૃદયમાં ધારણ કરી રાખશે તો ટુંકા વખતમાં જૈન કોમ ઉન્નત પદે આરોહણ કરવા ભાગ્યશાળી થશે.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે અમારા ગત અંકમાં ભાયખાળાના જૈન દેરાસરની પાછળની જમીનનો સરકારે જે કબજો લીધો છે, તેથી આપણને અનેક પ્રકારની હાનિ છે માટે તે સંબંધમાં પ્રોટેસ્ટ ઉઠાવવાની જે સૂચના કરી છે, તે બાબત અમારા લખ્યા અગાઉ જ મુંબઈની કચ્છી જૈન એસોશીએશને ઉપાડી લીધેલી છે. નામદાર સરકારને તે સંબંધી પ્રોટેસ્ટ સાથે પત્ર લખ્યો છે અને તેનો ઉત્તર પણ કેટલેક અંશે સંતોષકારક મળી ગયેલો છે. હજુ એ બાબતનું છેવટ આપણા લાભમાં સંપૂર્ણ રીતે આવે ત્યાં સુધી પ્રયત્ન શરૂ રાખવાનો છે. એ ઉત્સાહી મંડળ અને તેના સેક્રેટરી આ પ્રકરણનું છેવટ આવતાં સુધી પ્રયત્ન શરૂ રાખશે એવો અમને સંપૂર્ણ વિશ્વાસ છે. તે સાથે સકળ સંઘે પણ તેમાં મદદગાર રહેવાની અને પોતાની સંમતિ દર્શાવી તેને મજબુતી આપવાની આવશ્યકતા છે.

# વર્તમાન સમાચાર.

## શ્રી કપડવંજમાં પન્યાસપદવીનો મહોત્સવ.

શ્રી કપડવંજમાં મુનિરાજશ્રી ભક્તિવિજયજી કે જેઓ શ્રી વિજયધર્મસૂરિના શિષ્ય છે. તેમણે શ્રી વિજયવિરસૂરિ પાસે શ્રી ભગવતીજીના મોટા યોગ વહ્યા છે. તેમને પંન્યાસપદવી આપવાની ક્રિયા કપડવંજમાં અશાડ શુદિ ૫ ને મોટી ધામધુમ સાથે કરવામાં આવી હતી. પ્રથમ શુદિ બીજે ગણિપદ આપવામાં આવ્યું હતું, શુદિ ૩ જે જળયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો, શુદિ ૪ થે ગ્રહદિગ્પાળનું પૂજન કરવામાં આવ્યું હતું અને શુદિ ૫ મે શા. વાડીલાલ હીરાચંદ તરફથી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે અમદાવાદ, વીરમગામ, શમી, ઝીંઝુવાડા, માંડલ વિગેરે ઘણા ગામોથી ઘણા શ્રાવક–શ્રાવિકાઓ આવ્યા હતા. અઠ્ઠાઈ મહોત્સવ જેઠ વદિ ૧૧ થી શેઠ પીતાંબરદાસ લલ્લુભાઈ તરફથી શરૂ કરવામાં આવ્યો હતો. પન્યાસપદવી અપાયા બાદ કપડવંજવાળા પરી બાલાભાઇ દેવચંદ, શમીવાળા શેઠ વેલચંદ મગનચંદ અને શાહપુરના સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી અને અમદાવાદવાળા શા. લલ્લુભાઈ મનોરદાસ તરફથી નવકારશી કરવામાં આવી હતી. કપડવંજના શ્રી સંઘે બહારગામથી આવેલા સ્વામીભાઇઓની બહુ સારી રીતે સેવાભક્તિ કરી છે. આ પદવીપ્રદાન યોગ્ય મુનિરાજને થયેલું જોઈ અમારા અંતઃકરણથી હર્ષ પ્રદર્શિત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ઘોઘેલા જૈન જ્ઞાન પ્રવેશક સભાનો વાર્ષિક મહોત્સવ.

અસાડ શુદિ ૧ મે એ મહોત્સવ પ્રસંગે જિનાલયમાં પૂજાભક્તિ, સાંજે સ્વામીવાત્સલ્ય અને રાત્રિએ સભા ભરીને વાર્ષિક રીપોર્ટ વાંચવાનું કરવામાં આવ્યું હતું. તે સભા તરફથી સ્થાપવામાં આવેલી જૈન જ્ઞાન પઠન-પાઠન પાઠશાળાનો વાર્ષિક મહોત્સવ શ્રાવણ શુદિ ૧ મે કાયમના રીવાજ મુજબ કરવાનું મુકરર કરવામાં આવ્યું હતું. આ સભાના સ્થાપનને આઠ વર્ષ થયા છે. સભાના મેમ્બરો ઉત્સાહી અને આસ્તિક હોવા સાથે ધર્મચુસ્ત અને ધર્મક્રિયામાં તત્પર હોવાથી જ્ઞાનક્રિયાનું આરાધન સારી રીતે કરે છે. અમે એ સભાની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## શ્રી વરલ જૈન પાઠશાળા.

આ પાઠશાળાને માટે મેસાણા શ્રેયસ્કર મંડળના પરીક્ષક દુર્લભદાસ કાળીદાસ પોતાનો ખાસ સંતોષ જાહેર કરતાં જણાવે છે કે-આ એક નમુનેદાર ચાલુ જમાનાને અનુસરતી શિક્ષણ શૈલીવાળી, સાક્ષરોને આનંદ આપે તેવી અને દરેક શિક્ષકે અનુકરણ કરવા માટે જોવા જેવી સંસ્થા છે. વેરાવળવાળા શેઠ જેચંદભાઈ પાનાચંદની મુખ્ય સહાયથી ચાલે છે. શિક્ષક રતિલાલ હેમચંદ નાની ઉમરના છતાં કાર્યકુશળ, વૈરાગી અને સતત ઉદ્યમી છે. આ પાઠશાળામાં ગુજરાતી વાંચન-લેખન અને ગણિતના જ્ઞાન સાથે ધાર્મિક વિષયમાં મૂળ પાઠ અર્થ સાથે શિખવવામાં આવે છે. વિધિઓ શીખવાય છે. ઉપરાંત દરેક સૂત્રના હેતુ અને વાંદણાના આવશ્યકાદિ પ્રસંગોપાત શીખવવામાં આવે છે. સ્નાત્રપૂજા વિગેરે પણ વિધિ સાથે શીખવવામાં આવે છે. પ્રેક્ષકવર્ગને આ શાળાની સ્થિતિ, રીતિ ને પ્રવૃત્તિ જોતાં આનંદ ઉત્પન્ન થાય તેવું છે. વિદ્યાર્થીઓ વિનયી અને વિવેકી થયેલા છે. મા-બાપોનું અનુકરણ તો બાળકો કરે પણ અહીં તો બાળકોનું અનુકરણ મા-બાપ કરે એવી સ્થિતિ દૃષ્ટિગોચર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે આપેલી સ્કોલરશીપો.

મુંબઇ ગુજરાત કાઠીઆવાડ અને દખણના ૧૬ સ્થળોના વતની અને ઈલાકાની જુદી જુદી ૮ કોલેજોમાં ભણતા ૧૫ વિદ્યાર્થીઓને દર માસે રૂ. ૫) થી રૂ. ૧૦) સુધીની કુલ રૂ. ૯૦)ની સ્કોલરશીપ આપવામાં આવી છે. વળી સેકન્ડ અને પ્રાયમરી સ્કુલોમાં ભણતા મુંબઈ-ગુજરાત ઉપરાંત માળવા પ્રાંતમાં આવેલી જુદી જુદી ૨૫ જગ્યાના વતની અને જુદી જુદી ૨૨ સ્કુલોમાં શિક્ષણ લેતા આશરે ત્રીશ સ્ત્રી અને પુરૂષ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨) થી રૂ. ૫ સુધીની કુલ રૂ. ૮૦)ની સ્કોલરશીપ આપવામાં આવી છે. આ પ્રમાણે આશરે રૂ. ૨૧૦૦) સ્કોલરશીપ રૂપે આપવામાં આવ્યા છે.

---

## જાહેર ખબર.

ચાલુ સાલની મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં (૧) સંસ્કૃતમાં સૌથી વધુ માકર્સ મેળવનાર જૈનને તથા (૨) સુરતના રહેવાશી અને કુલ્લે વધારે માકર્સ મેળવનાર જૈનને દરેકને રૂા. ૪૦) ચાળીશની શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ તથા (૩) પૂના સર્કલમાંથી અંગ્રેજીમાં પહેલો નંબર મેળવી શકે તે જૈનને રૂા. ૨૦) વીશની શેઠ ગુલાબચંદ લક્ષ્મીચંદ સ્કોલરશીપ આપવાની છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ તે માટે વિગત સાથે રેસીડન્ટ જનરલ સેક્રેટરી **શ્રી જૈન શ્વે. કોન્ફરન્સને**, પાયધુની મુંબઇ નં. ૩ ના શીરનામે અરજી તા. ૧૫-૮-૧૯ સુધીમાં મોકલી આપવી.

---

## ગ્રાહકો અને બુકો મંગાવનારને સૂચના.

જૈન ધર્મ પ્રકાશના સંબંધમાં કાંઈ પણ લખવું હોય તો તે પત્રમાં પોતાનો રજીષ્ટર નંબર અવશ્ય લખવો.

ચૈત્યવંદન ચોવીશી થઇ રહી છે. ફરીને છપાવવાની છે.

રત્નાકરપચ્ચીશી સેટ મંગાવનારે પોસ્ટેજ સાથે મોકલવું. પોસ્ટેજ વિનાના પત્ર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

સકારણ વધારેલી કિંમત ઉપર ધ્યાન આપવું.

ઉપદેશપ્રાસાદ ભાષાંતરના પાંચ ભાગો પૈકી બીજો ભાગ થઈ રહ્યા છે, બીજી આવૃત્તિ છપાવવાની છે, પરંતુ તે ભાગ શિવાય વાંચનારને વાંચવામાં ત્રુટક પડતું નથી. આ બધા ભાગ ખાસ વાંચવા લાયક છે.

હાલમાં નવા બહાર પડેલ બે ગ્રંથો ને એક ભાષાંતરની બુક વેચાણ ખરીદ કરવા ઇચ્છનારને પણ મોકલવામાં આવશે. તેમણે કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદું સમજવું.

દરેક બુકો મંગાવનારે બનતાસુધી પેલ્યુપેબલથી જ બુકો મંગાવવી. કારણ કે તેમ કરવાથી ગેરવલે પડવાનો ભય રહેતો નથી. પોતાનું શીરનામું બરાબર સ્પષ્ટ અક્ષરોમાં લખવાનું ધ્યાનમાં રાખવું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હાલમાં બહાર પડેલા ગ્રંથો ને ભાષાંતર.

## શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ વિભાગ ૨ જો. ( સ્થંભ ૭ થી ૧૨ )

આ સંસ્કૃત ગદ્યબંધ ગ્રંથ ચાર વિભાગે બહાર પાડવાનો છે. તેનો આ બીજો વિભાગ શ્રી રાધનપુર નિવાસી શેઠ બકોરદાસ ઉજમશીના સુપુત્રો **હીરાલાલ** તથા **મણિલાલની** આર્થિક સહાયથી બહાર પાડવામાં આવ્યો છે, યોગ્ય સાધુ સાધ્વીને તથા **સંસ્થાઓ**—પુસ્તકાલયો વિગેરેને ભેટ આપવાનો છે. સાધુ સાધ્વી શિવાય બીજાઓએ પોસ્ટેજના ત્રણ આના મોકલવાના છે. સાધુ સાધ્વીએ પોતાના ગુરૂ મહારાજ દ્વારા મંગાવવા કૃપા કરવી અથવા ગુરૂમહારાજે મંગાવી યોગ્ય શિષ્યોને તેનો લાભ આપવો. ખરીદ કરવા ઇચ્છનાર માટે કિંમત બે રૂપીઆ રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

## શ્રી સપ્તતિકા ભાષ્ય—ટીકા સહિત.

આ છઠ્ઠા કર્મગ્રંથ ઉપર **શ્રી અભયદેવસૂરિએ** કરેલી ભાષ્ય **શ્રી મેરૂતુંગસૂરિ** કૃત ટીકા સાથે છપાવેલ છે. સપ્તતિકા કર્મગ્રંથ **શ્રી મલયગિરિજી** કૃત ટીકા સાથે અમારા તરફથીજ છપાયેલ છે તેના કરતાં આમાં કાંઇક વિશેષતા બંને કર્ત્તાએ કરેલી છે. કર્મગ્રંથના અભ્યાસી અને સંસ્કૃત ભાષાના જાણવાવાળાને ખાસ ઉપયોગી છે. તેવા વિશેષણવાળાએ મંગાવવાની કૃપા કરવી. ભેટ આપવાના સંબંધમાં ઉપર લખેલ છે તે નિયમ સમજવો. આ ગ્રંથ છપાવવામાં શ્રીપાટણ નિવાસી શા. તારાચંદ રતનચંદે રૂ. ૨૫૧ ) ની સહાય આપેલી છે. વેચાણ ખરીદનાર માટે રૂ. ૧ાા પોસ્ટેજ અઢી આના.

## શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર.

આ ભાષાંતર ગુજરાતી ભાષાના જાણનારાઓ માટે ઘણું વાંચવા લાયક છે. શ્રી મુંબઇ નિવાસી શેઠ **પરમાણંદદાસ** રતનજીએ પોતાના લઘુ બંધુ **કેશવલાલના** સ્મરણાર્થે આપેલી સહાયથી છપાવેલ છે. કાગળ બાયડીંગ વિગેરે સુંદર છે. જૈન સંસ્થાઓને તેમજ અન્ય ગુજરાતી ભાષાના જાણવાવાળા સાધુ સાધ્વીને ( ગુરૂદ્વારા ) ભેટ આપવાની ધારણા રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનાર માટે કિંમત રૂ. ૧ાા પોસ્ટેજ અઢી આના.

# હાલમાં છપાવા શરૂ કરેલ નવા ગ્રંથો.

## શ્રીબૃહત્ક્ષેત્ર સમાસ—શ્રી મલયગિરિજી કૃત ટીકા સહિત.

આ ગ્રંથ હાલમાં વાંચતાં ઘણી આવશ્યકતા વાળો—સર્વજ્ઞપણાની ખાત્રી માટે પ્રબળ દૃષ્ટાંતરૂપ લાગ્યો તેથી તે છપાવવાની આવશ્યકતા સમજી તરતમાંજ પ્રેસકાપી કરાવી છપાવવાની શરૂઆત કરી છે. તેની શુદ્ધ પ્રતની અપેક્ષા છે. જે મુનિરાજ પાસે કે ભંડારમાં હોય તેમણે મોકલવા કૃપા કરવી. આર્થિક સહાય આપવાની ઇચ્છા હોય તેમણે જણાવવું. સુમારે ૭૫૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથ છે અને નિર્ણયસાગર પ્રેસમાંજ છપાવાનો છે.

## શ્રી ઉપદેશ સપ્તતિકા મૂળગાથા, અર્થ વિવેચન યુકત.

આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. ઉપદેશક છે. વૈરાગ્યોત્પદક છે. તે ટીકા સાથે અમારી તરફથીજ છપાયેલ છે. પરંતુ બાળજીવોને ઉપયોગી થઇ પડવા માટે તેની ગાથાઓ ગુજરાતી અર્થ વિવેચન સાથે છપાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગરના શ્રીસંઘે આર્થિક સહાય આપી છે.

તત્ત્વામૃત ગ્રંથ ને ભાષાંતર જુદું જુદું છપાવવાનું તરતમાં શરૂ કરવાનું છે.

For Private And Personal Use Only